RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 254, Dt.13-1-2025 Monday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# વિશ્વના સૌથી વિશાળ આધ્યાત્મિક મહાકુંભનો પ્રારંભ

## ૧૮૩ દેશોના લોકો સંગમમાં આસ્થાની ડૂબકી લગાવશેઃ કુંભમેળામાં વિદેશી મહેમાનોના આતિથ્ય માટે સરકારની મોટી તૈયારીઃ પ્રથમ દિવસે ગાઢ ધુમ્મસ, કડકડતી ઠંડી શ્રદ્ધાળુઓની આસ્થા સામે હારી : કુંભમેળા સ્થાને પ્રથમ વાર ૧૦ લાખ વર્ગ ફુટની દીવાલો રંગવામાં આવી : વીઆઈપી ગેટ પર ૭૨ દેશોના રાષ્ટ્રધ્વજ લાગ્યા

**મુખ્ય સમાચાર, પ્રયાગરાજ**

મહાકુંભ ૨૦૨૫નો આજથી આરંભ થઈ ગયો છે. પ્રથમ દિવસે ભાવિકોની ભારે ભીડ કુંભ સ્નાન સ્થળે થઈ હતી. શ્રદ્ધાળુઓની શ્રદ્ધા સામે સંગમ સ્થળે ગાઢ ધુમ્મસ અને કડકડતી ઠંડીની જાણે કોઈ અસર ન થઈ હોય તેમ લાખો શ્રદ્ધાળુઓએ શ્રદ્ધાની ડૂબકી લગાવી હતી. કુંભમેળામાં ૧૮૩ દેશોના વિદેશી શ્રદ્ધાળુઓ પણ ડૂબકી લગાવી હતી.

ગાઢ ધુમ્મસ અને કાતિલ ઠંડી શ્રદ્ધા સામે ઝુકીઃ કુંભમેળાના પ્રથમ દિવસે જ લાખો શ્રદ્ધાળુઓ ઉમટી પડયા હતા. કયાય તલ રાખવાની પણ જગ્યા નહોતી. મધરાતથી જ પોષી પૂર્ણિમાની પ્રથમ ડૂબકીનો શુભારંભ થઈ ગયો હતો. આ સાથે જ સંગમનીરેતી પર જપ, તપ અને ધ્યાનની વેદીઓની સજાવટ કરી માસ પર્યંત યજ્ઞ-અનુષ્ઠાનોની સાથે સાથે કલ્પવાસનો પણ આરંભ થઈ ગયો હતો.

૧૮૩ દેશોના લોકો આવવાની આશાઃ કુંભમેળાનો આજથી આરંભ થઈ ગયો છે ત્યારે દેશ-વિદેશમાં લોકપ્રિય મહાકુંભમાં આ વખતે ૧૮૩ દેશોના લોકો કુંભ સ્નાનમાં ડૂબકી લગાવે તેવી આશા છે. આ વિદેશી મહેમાનોના આતિથ્ય અને સ્વાગત માટે યોગી આદિત્યનાથની સરકારે ભવ્ય તૈયારીઓ કરી છે.

પહેલીવાર ૧૦ લાખ વર્ગ ફીટમાં દીવાલો પેઈન્ટ કરાઈ: યુનેસ્કોની વિશ્વ ધરોહર યાદીમાં નોંધાયેલ મહાકુંભને કેન્દ્ર અને રાજયની સરકારો વિશ્વ સમુદાય સમક્ષ અદભૂત રૂપે રજુ કરવા ઈચ્છી રહી છે. મેળા ક્ષેત્રમા રોજના ૮૦૦થી વધુ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે. પહેલીવાર ૧૦ લાખ વર્ગ ફીટમાં દીવાલો પેઈન્ટ કરવામાં આવી છે. કુંભનગરીમાં સૌથી વધુ ફોકસ સેકટર-૧૮ પર રાખવામાં આવ્યું છે. અહીં વીઆઈપી ગેટ પણ બનાવવામાં આવ્યો છે. આ પોઈન્ટ પર ૭૨ દેશોના ધ્વજ લાગ્યા છે. જેમના પ્રતિનિધિઓ પણ સામેલ થવા માટે આવી રહ્યા છે. જયારે ખુદ મુખ્યમંત્રી યોગી તેની આગેવાનીની તૈયારી કરી રાખી છે.

દરેક સેકટરમાં પોલીસ સ્ટેશનઃ સુરક્ષા વ્યવસ્થાના સજજડ બંદોબસ્ત માટે કુંભનગરીના દરેક સ્ટેશન પર પોલીસ સ્ટેશન બનાવવામાં આવ્યા છે. સાથે જ ફાયરબ્રિગેડની ટીમો પણ તૈનાત કરવામાં આવી છે. કુંભનગરીમાં ૫૬ અસ્થાયી પોલીસ સ્ટેશન બનાવાયા છે અને ૩૭ હજાર પોલીસકર્મી તૈનાત કરવામાં આવ્યા છે. તેમને દરેક પ્રકારની ઈમરજન્સી સ્થિતિનો સામનો કરવાની તાલીમ આપવામાં આવી છે. કુંભમેળામાં ભારે ભીડમાં કોઈના ખોવાઈ જવાની બાબત સામાન્ય છે. આ સમસ્યાના સામના માટે પણ ખાસ તૈયારી કરાઈ છે. આ વખતે શ્રદ્ધાળુઓની મદદ માટે ૧૫ લોસ્ટ એન્ડ ફાઉન્ડ સેન્ટર બનાવવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે ૧૨ વર્ષ બાદ પ્રયાગરાજમાં મહાકુંભ યોજાયો છે. ૨૦૧૩માં કુંભમેળા માટે ૧૨૧૪ કરોડનું બજેટ ફાળવવામાં આવ્યુ હતુ અને ૧૬૦ કિલોમીટર લાંબી સડકોનું નિર્માણ કરવામાં આવ્યુ હતું. સ્વચ્છતા માટે ૩૫ હજાર શૌચાલયોનું નિર્માણ કરાયુ હતું. આંકડા મુજબ ૨૦૧૩ના કુંભમેળામાં ૭૦ લાખ શ્રદ્ધાળુઓ આવ્યા હતા પણ આ વખતે ૪૫ કરોડ શ્રદ્ધાળુઓ આવવાનું અનુમાન છે.



મુખ્ય સમાચાર સાંધ્ય દૈનિક

## મકર સંક્રાંતિ નિમિતે અંક બંધ રહેશે


મકર સંક્રાંતિ પર્વ નિમિતે તા.૧૪એ મુખ્ય સમાચાર કાર્યલય રજા પાડશે. જેથી તા.૧૪ને મંગળવારનો અંક પ્રસિદ્ધ થશે નહીં. તા.૧૫ને બુધવારનો 'મુખ્ય સમાચાર'નો અંક રાબેતા મુજબ પ્રસિધ્ધ થશે. જેની વાંચક મિત્રો, વિજ્ઞાપનદાતાઓ અને એજન્ટ મિત્રોએ નોંધ લેવા વિનંતિ.

- મેનેજિંગ તંત્રી

# સપ્તાહના પ્રારંભે શેરબજાર કડડભૂસ : ડોલર સામે રૂપિયો વધુ ગગડયો

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

ભારતીય શેરબજારમાં ચાલી રહેલ ઘટાડો અટકવાના કોઈ સંકેત દેખાઈ રહ્યો નથી. અને આજે ફરી એકવાર મોટા ઘટાડા સાથે શરૂઆત થઈ. બંને મુખ્ય શેરબજાર સૂચકાંકો, ઈજીઉ સેન્સેક્સ અને ફ્લ્ચ નિફ્ટી, લાલ રંગમાં ખુલ્યા અને તૂટી પડયા. શરૂઆતના કારોબારમાં સેન્સેક્સ ૮૪૩.૬૭ પોઈન્ટ ઘટીને ૭૬,૫૩૫.૨૪ પર ખુલ્યો. તે જ સમયે, નિફ્ટી ૨૫૮.૮ પોઈન્ટ ઘટીને ૨૩,૧૭૨.૭૦ પોઈન્ટ પર ટ્રેડ થતો જોવા મળ્યો.આ ઘટાડાને કારણે, ઈજીઉ લિસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપ ૪.૫૩ લાખ કરોડ રૂપિયા ઘટીને ૨૨૫.૧૪ લાખ કરોડ રૂપિયા થયું છે આ લખાય છે ત્યારે સેન્સેક્સ ૪૫૨ ઘટીને ૭૬૯૨૬ તો નિફ્ટી ૧૭૮ ઘટીને ૨૩૨૫૨ ઉપર છે . ડીમાર્ટનું સંચાલન કરતી કંપની એવન્યુ સુપરમાર્ટ્સના શેર લગભગ છ ટકા ઘટયા છે.ભારતીય રૂપિયાનો ઘટાડો અટકવાના કોઈ સંકેત દેખાઈ રહ્યો નથી. આજે શરૂઆતના કારોબારમાં ડોલર સામે તે ૮૬ ની નીચે આવી ગયો. પહેલી વાર રૂપિયો આટલા નીચે ગયો છે. શરૂઆતના કારોબારમાં રૂપિયો યુએસ ડોલર સામે ૨૭ પૈસા ઘટીને ૮૬.૩૧ ના સર્વકાલીન નીચલા સ્તરે પહોંચી ગયો. અમેરિકાના તાજેતરના જોબ રિપોર્ટમાં સ્પષ્ટ થયું છે કે ફેડરલ રિઝર્વ આ વર્ષે વ્યાજ દરમાં વધુ ઘટાડો કરશે નહીં. આનાથી ડોલર મજબૂત થયો છે.





નોંધનીય છે કે ગયા અઠવાડિયાના છેલ્લા ટ્રેડિંગ દિવસે, શુક્રવારે, બંને શેરબજાર સૂચકાંકો લાલ રંગમાં બંધ થયા હતા. બજારમાં ઘટાડા વચ્ચે, ઝોમેટોના શેરમાં સૌથી વધુ ઘટાડો થયો, જ્યારે ટાટા મોટર્સ, રિલાયન્સથી લઈને ઈઉઝ્રૈં બેંકના શેર ઘટાડા સાથે જોવા મળ્યા.

સોમવારે જ્યારે શેરબજાર ખુલ્યું ત્યારે સેન્સેક્સ ૭૬,૬૨૯.૯૦ પર ખુલ્યો, જે તેના અગાઉના બંધ ૭૭,૩૭૮.૯૧ થી ૭૪૯.૦૧ પોઈન્ટ ઘટીને થોડીવારમાં ૮૩૪ પોઈન્ટ ઘટીને ૭૬,૫૩૫ ના સ્તરે પહોંચી ગયો. નિફ્ટી પણ તેના અગાઉના ૨૩,૪૩૨.૫૦ ના બંધ સ્તરથી નીચે આવીને ૨૩૧૯૫.૪૦ પર ખુલ્યો અને થોડી જ વારમાં તે ૨૪૭ પોઈન્ટ ઘટીને ૨૩,૧૭૨.૭૦ પર બંધ થયો.

ગયા અઠવાડિયાના છેલ્લા ટ્રેડિંગ દિવસે શુક્રવારે શેરબજાર પણ ઘટાડા સાથે બંધ થયું. વૈશ્વિક બજારમાં મિશ્ર વલણ હોવા છતાં, આઈટી શેરોમાં વધારો જોવા મળ્યો, પરંતુ આ વધારો ઘટતા બજારને સંભાળી શકયો નહીં. વિદેશી રોકાણકારો દ્વારા કરવામાં આવેલી વેચવાલીથી પણ બજાર પર દબાણ વધ્યું. શુક્રવારે ઈજીઉ સેન્સેક્સ ૭૭,૬૮૨ પોઈન્ટના વધારા સાથે ખુલ્યો હતો, પરંતુ અંતે તે ૨૪૧.૩૦ પોઈન્ટ અથવા ૦.૩૧% ના ઘટાડા સાથે ૭૭,૩૭૮.૯૧ પર બંધ થયો હતો.

# સરકાર કરશે દોઢ લાખ કરોડની સંરક્ષણ ડીલ



નવા વર્ષમાં, સરકાર ભારતીય સશષા દળોને મજબૂત બનાવવા માટે એક મહત્વપૂર્ણ સંરક્ષણ સોદો કરવા જઈ રહી છે. સશષા દળોની ફાયરપાવર વધારવાની લાંબા ગાળાની યોજનાના ભાગ રૂપે, સરકાર ૩૧ માર્ચે પૂરા થતા આ નાણાકીય વર્ષ પહેલાં ફાઈટર જેટ, સબમરીન, હેલિકોપ્ટર અને આર્ટિલરી માટે ઓછામાં ઓછા ચાર મોટા સંરક્ષણ સોદા પર હસ્તાક્ષર કરવાની યોજના ધરાવે છે. આ સોદાઓનું કુલ મૂલ્ય ૧.૫ લાખ કરોડ રૂપિયાથી વધુ છે.આ યોજના ભારતીય સશસ્ત્ર દળોની તાકાત અને લડાઈ ક્ષમતા વધારવાના પ્રયાસોનો એક ભાગ છે. ૨૬ રાફેલ મરીન ફાઈટર પ્લેન ડીલઃ સંરક્ષણ સૂત્રોએ ટાઈમ્સ ઓફ ઈન્ડિયાને જણાવ્યું હતું કે પ્રથમ સોદો ફ્રાન્સ સાથે લગભગ ૬૩,૦૦૦ કરોડ રૂપિયામાં ૨૬ રાફેલ-મરીન ફાઈટર જેટના સીધા સંપાદન માટે થશે. આ સ્વદેશી વિમાનવાહક જહાજ ઈંગજવિક્રાંતના ડેક પરથી કાર્યરત થશે. આ ઓર્ડરમાં નૌકાદળ માટે ૨૨ સિંગલ-સીટ સી જેટ અને ચાર ટ્વીન-સીટ ટ્રેનર એરક્રાફટ, શષાો, સિમ્યુલેટર, ક્રૂ તાલીમ અને પાંચ વર્ષનો પ્રદર્શન-આધારિત લોજિસ્ટિક્સ સપોર્ટનો સમાવેશ થાય છે, ઉપરાંત ભારતીય વાયુસેનામાં પહેલાથી જ સામેલ કરાયેલા એરક્રાફટનો પણ સમાવેશ થાય છે. સૂત્રોએ જણાવ્યું હતું કે, ૩૬ રાફેલના સ્પેરપાર્ટ્સનો સોદો હવે વડા પ્રધાનના નેતૃત્વ હેઠળની કેબિનેટ કમિટી ઓન સિક્યુરિટી (ઈઈજ) દ્વારા અંતિમ મંજૂરી માટે મોકલવામાં આવશે.

# ઉત્તરાખંડના પૌડી ગઢવાલ પાસે બસ બેકાબૂ થતાં ૧૦૦ મીટર ઊંડી ખીણમાં પડી : ૬નાં મોત

**મુખ્ય સમાચાર,ગઢવાલ**

ઉત્તરાખંડના પૌડી ગઢવાલ જિલ્લાનાં દેહલચૌરી વિસ્તાર પાસે એક બસ બેકાબૂ થતાં ૧૦૦ મીટર ઊંડી ખીણમાં પડી હતી. આ ભયાનક અકસ્માતમાં ૬ લોકોનાં કરૂણ મોત થયાં હતાં અને ૨૨ લોકો ગંભીર રીતે ઘાયલ થયાં હતાં. પીડિતોને નજીકની હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે. સૂત્રોનું માનીએ તો મૃત્યુઆંક વધી શકે છે.



એક સ્થાનિક અધિકારીએ દુર્ઘટના અંગે માહિતી આપી કે બસ પૌડીથી દેહલચૌરી જઈ રહી હતી, ત્યારે બસે અચાનક કાબૂ ગુમાવ્યો અને ૧૦૦ મીટર ઊંડી ખીણમાં પડી હતી. આ દરમિયાન એસડીઆરએફની ટીમ ઘટનાસ્થળે પહોંચી છે અને બચાવ કામગીરી હાથ ધરી છે.

માહિતી મળતાની સાથે જ ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ આ દુઃખદ ઘટના પર શોક વ્યક્ત કર્યો સીએમ ધામીએ ટ્વિટર પર લખ્યું કે પૌરીમાં કેન્દ્રીય વિદ્યાલય તરફનાં રૂટ પર બસને અકસ્માત નડતાં ૬ મુસાફરોના મૃત્યુનાં અત્યંત દુઃખદ સમાચાર મળ્યાં છે.

ભગવાન મૃતકોની આત્માને શાંતિ આપે અને શોકગ્રસ્ત પરિવારનાં સભ્યોને આ દુઃખ સહન કરવાની શક્તિ આપે તેવી પ્રાર્થના. તેમણે આગળ લખ્યું કે સ્થાનિક વહીવટીતંત્ર દ્વારા રાહત અને બચાવ કાર્ય ચાલું છે અને ઘાયલોને નજીકની હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે. હું બાબા કેદારને ઈજાગ્રસ્તોના ઝડપથી સાજા થવા માટે પ્રાર્થના કરું છું.

# અમરેલીનાં લેટરકાંડમાં આખરે ત્રણ પોલીસકર્મી સસ્પેન્ડ

## પાટીદાર યુવતીને પોલીસ સ્ટેશનમાં પટ્ટા મારવાના આક્ષેપ સામે સીટની ટીમનું ઇન્વેસ્ટીગેશન શરૂ : મહિલા સહિત ત્રણ કોન્સ. સસ્પેન્ડ થતા જિલ્લાના પોલીસ દળમાં ખળભળાટ

**મુખ્ય સમાચાર, અમરેલી**

અમરેલી સહિત સમગ્ર ગુજરાતમાં ભારે ચકચાર મચાવનાર લેટરકાંડમાં આખરે ત્રણ પોલીસ કર્મચારીનો ભોગ લેવાયો છે. જેમાં એક મહિલા પોલીસ કર્મચારી સહિત ત્રણ પોલીસ કર્મચારીને ફરજમાંથી સસ્પેન્ડ કરતાં પોલીસબેડામાં સનસનાટી મચી જવા પામી છે. ત્યારે આ અમરેલીનો ચકચારી લેટર કાંડમાં વધુ કેટલાંકનો પણ ભોગ લેવાશે તેવું પણ ચર્ચાય રહ્યું છે.

અમરેલીમાં ભાજપના ધારાસભ્ય અને ગુજરાત વિધાનસભાના મુખ્ય નાયબ દંડક કૌશિકભાઈ વેકરીયા વિરૂધ્ધ થોડા દિવસ પહેલાં ગંભીર પ્રકારના આક્ષેપવાળો પત્ર સોશિયલ મીડિયામાં વાયરલ થયેલ હોય, જેમાં અમરેલી તાલુકા પંચાયતના પ્રમુખના નકલી લેટરહેડનો ઉપયોગ થતાં આ બનાવમાં અમરેલી તાલુકા પંચાયતના પ્રમુખે પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે એક યુવતિ સહિત ચાર ઈસમોની અટકાયત કરી હતી.

આ બનાવમાં કોંગ્રેસ તથા ખોડલધામના ટ્રસ્ટી દ્વારા યુવતીને રી-કન્સ્ટ્રક્શનના નામે સરઘસ કાઢ્યાનો આક્ષેપ કરવામાં આવતાં જિલ્લા પોલીસ વડા દ્વારા ડી.વાય. એસ.પી. સહિતના ત્રણ પોલીસ અધિકારીની સ્પે. ઈન્વેસ્ટિગેશન ટીમ બનાવી તપાસ હાથ ધરી હતી.તો બીજી તરફ નારી સ્વાભિમાન આંદોલનના નેજા હેઠળ ધારણા જેવા કાર્યક્રમ યોજાયા હતા.

આ બનાવ બાદ ગઈકાલે અમરેલી જિલ્લા પોલીસ વડા સંજય ખરાત દ્વારા અમરેલી જિલ્લામાં લેટરકાંડ પ્રકરણ અન્વયે લોકલ ક્રાઈમ બ્રાન્ચમાં ફરજ બજાવતા પોલીસ હેડ કોન્સ. કિશન આંસોદરીયા, પોલીસ કોન્સ. વરજાંગભાઈ મૂળયાસીયા તથા મહિલા પોલીસ કોન્સ. હિનાબેન મેવાડા સહિત ત્રણ પોલીસ કર્મચારીઓને ફરજમાં બેદરકારી અને નિષ્કાળજી બદલ સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. આ બનાવથી પોલીસબેડામાં સનસનાટી મચી જવા પામી છે.

ગુજરાતના અમરેલીમાં તાલુકા પંચાયત પ્રમુખ કિશોર કાનપરિયાના નામવાળો નકલી લેટરપેડ સોશિયલ મીડિયામાં વાઈરલ કરવાના મામલે કાનપરિયાએ પોલીસમાં ફરિયાદ કરી હતી. જે કેસમાં પોલીસે ભાજપના પૂર્વ હોદ્દેદાર અને એક યુવતી સહિત ૪ કાર્યકરોની ધરપકડ કરી હતી. પરંતુ વિવાદ ત્યારે વકર્યો જ્યારે પોલીસે કથિત લેટરકાંડમાં ધરપકડ કરાયેલી અને ટાઈપિસ્ટનું કામ કરતી પાટીદારની યુવતીનું સરઘસ કાઢ્યું. જેમાં રાજ્યના નેતાઓથી લઈને પાટીદાર સમાજના અગ્રણીઓએ પાયલ ગોટીના સમર્થનમાં આવી ધરણાથી માંડી વિરોધ પ્રદર્શન દ્વારા ન્યાયની માગ કરી હતી.





અમરેલીના લેટરકાંડ મામલે પોલીસ પર સવાલો ઉઠી રહ્યા છે. જ્યારે પાયલ ગોટી જેલથી બહાર આવી ત્યારે તેણે પોલીસ પર ગંભીર આક્ષેપો કર્યા હતા. જેમાં પાયલે કહ્યું હતું કે, તેને પોલીસ દ્વારા પટ્ટા મારવામાં આવ્યા હતા. ત્યારે પાયલ ગોટીના પોલીસ સામેના આક્ષેપોને લઈનેની રચના કરવામાં આવી હતી. જેમાંઉતા એ.જી.ગોહિલ, મહિલા ડ.ઈ.આઈ.જે. ગીડા, મહિલા ડજઈ એચ.જે.બરવાડીયાનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

# આજે ફરી ઠંડીનો ચમકારો : નલીયા ૮.૮, રાજકોટ ૧૧ : કાલે સંક્રાંતે પવન જામશે

## સૌરાષ્ટ્ર – કચ્છમાં ઉત્તરાયણ પૂર્વે ફુલગુલાબી ઠંડી : ભુજમાં ૧૧.૪, જામનગર ૧૨.૫, અમરેલી ૧૩ ડિગ્રી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સૌરાષ્ટ્ર-કચ્છમાં આજે ઠંડીમાં ફરી પવન સાથે થોડો વધારો થયો છે. તો કાલે સંક્રાંતે સારો પવન રહેવાની આગાહી હવામાન નિષ્ણાંતોએ કરી છે. આજે નલીયામાં ૮.૮ ડિગ્રી તાપમાન નોંધાયુ હતું. તો રાજકોટમાં ૧૧, ભુજમાં ૧૧.૪, અમરેલી ૧૩, ડીસા ૯.૯, અમદાવાદ ૧૨.૪, જામનગરમાં ૧૨.૫ ડિગ્રી ન્યુનતમ તાપમાન હતું.

જામનગર શહેર કાતિલ ઠંડીની લપેટમાં આવી ગયુ હતું.સુસવાટા મારતા પવન અને હાડ થીજાવતી ઠંડી પડી રહી હતી. આજે સવારે ઠંડીનો પારો ૧૨.૫ ડિગ્રીએ સ્થિર થતાં ઠંડીએ ભુકકા કાઢ્યા છે. સાથો સાથ પ્રતિ કલાકના ૫ કિમીના વધારા સાથે ૯.૯ કિ.મીની ઝડપે ફૂંકાઈ રહેલા બરફીલા ઠંડા પવને શહેરીજનો તેમજ પશુ પક્ષીઓને પણ ધ્રુજાવ્યા છે.

મોડી રાત્રિથી સવારે ૯.૩૦ વાગ્યા સુધી ઠંડીના કારણે રસ્તાઓ ઉપર પાંખી અવરજવર જોવા મળી હતી.એટલું જ નહીં ઠંડીના લીધે ખાનગી અને એસ ટી બસોમાં મુસાફરો ઓછી સંખ્યા રહી હતી. લોકોએ ગરમ વસ્ત્રો અને તાપણાનો સહારો લેવો પડ્યો હતો.

ગઈકાલે સાંજ થી મોસમ ની ઠંડીનો મિજાજ જોવા મળ્યો હતો, અને શહેરીજનોએ વહેલાસર ઘરની વાટ પકડી લીધી હોવાથી માર્ગો સુમસામ



જોવા મળ્યા હતા, અને કુદરતી સંચાર બંધી લદાઈ ગઈ હોય, તેવું વાતાવરણ જોવા મળ્યું હતું.

શહેરના જાહેર સ્થળો પર પણ ગઈકાલે રાત્રે લોકોની પાંખી હાજરી જોવા મળતી હતી, જયારે કેટલાક લોકો ગરમ વસ્ત્રોમાં લપેટાયેલા જોવા મળ્યા હતા, અથવા તો તાપણાંનો આશરો લીધો હતો.

જામનગર જિલ્લા કલેક્ટર કચેરીના કંટ્રોલરૂમના જણાવ્યા અનુસાર આજે સવારે ૮ વાગ્યે પૂરા થતા ૨૪ કલાક દરમિયાન લઘુતમ તાપમાન ૧૨.૫ ડિગ્રી સેન્ટિગ્રેડ જયારે મહત્તમ તાપમાન ૨૬ ડિગ્રી સેન્ટિગ્રેડ નોંધાયું છે.

# ધારાશાસ્ત્રીઓના વારસદારોને રૂા.૧.૨૫ કરોડની મૃત્યુસહાય ચુકવવાનો નિર્ણય

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના ચેરમેન જે.જે.પટેલ, એકઝીક્યુટીવ કમિટીના ચેરમેન નલિન ડી. પટેલની વીડીયો કોન્ફરન્સીંગ હાજરી તથા કમિટીના સભ્યો અનિલ સી. કેલ્લા તથા કિશોરકુમાર આર. ત્રિવેદીની હાજરીમાં એડમીનીસ્ટ્રેટીવ કમિટીની મીટીંગમા ૬૯ જેટલા મૃત્યુ પામનાર ધારાશાસ્ત્રીઓના વારસદાર દ્વારા કરવામાં આવેલ મૃત્યુસહાયની અરજીઓ વિચારણા માટે લેવામાં આવેલ. જેમાં બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના નિયમ અનુસાર વેલ્ફેર ફંડના સભ્ય બનનાર તેમજ નિયમિત રીન્યુઅલ ફી ભરનાર તેમજ બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા સર્ટિફિકેટ એન્ડ ફક્ષમ પ્લેસ ઓફ પ્રેક્ટિસ વેરિફિકેશન રૂલ્સ ૨૦૧૫નું ફોર્મ ભરનાર ૫૩ જેટલા ધારાશાસ્ત્રીઓના વારસદારોની મૃત્યુસહાયની અરજીઓ મંજુર કરવામાં આવેલ અને ગુજરાત એડવોકેટ વેલ્ફેર ફંડ એકટના નિયમ અનુસાર રૂપિયા એક કરોડ પચીસ લાખ જેટલી રકમ તેઓના વારસદારોને ચુકવવાનો નિર્ણય કરવામાં આવેલ.

બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના ૩૦૦૦ ઉપરાંતના ધારાશાસ્ત્રીઓના વારસદારોને અત્યારસુધી રૂપિયા પાંસઠ કરોડ જેટલી મૃત્યુસહાય છેલ્લા વર્ષોમાં ચુકવાયેલ છે. હાલમાં બાર કાઉન્સિલ ઓફ ગુજરાત ધ્વારા મૃત્યુ પામનાર ધારાશાસ્ત્રીઓના વારસદારોને રૂપિયા પાંચ લાખ મૃત્યુસહાય ચુકવવામાં આવે છે. બાર કાઉન્સિલ ઓફ ગુજરાત દ્વારા સને ૧૯૯૨ થી ગુજરાત એડવોકેટ વેલ્ફેર ફંડ મારફતે મૃત્યુસહાય તેમજ માંદગી સહાય સમીતિ દ્વારા જરૂરીયાતમંદ





ધારાશાસ્ત્રીઓને આંશિક માંદગી સહાય બાર કાઉન્સિલ ઓફ ગુજરાત તરફથી આપવામાં આવે છે. બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાની માંદગીસહાય સમીતિની મીટીંગ મળેલ. જેમાં બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાની માંદગીસહાય સમીતિમાં સમગ્ર ગુજરાતના તાલુકા અને જીલ્લા અદાલતોના ૭૩ જેટલા ધારાશાસ્ત્રીઓ પાસેથી માંદગી સહાય મેળવવા માટેની અરજીઓ મંજુર કરતા માંદગી સહાય પેટે કુલ રૂપિયા ૨૪ લાખ ૭૮ હજાર ચૂકવવાનો નિર્ણય કરવામાં આવેલ. ૮ ઉપરાંતના ધારાશાસ્ત્રીઓને બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા અને ૨૩ ઉપરાંતના ધારાશાસ્ત્રીઓને બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની વધારાની સહાય આપતી કમીટીમાં પણ વધુ માંદગી સહાય મળી રહે તે માટે ભલામણ કરવામાં આવેલ છે.

# રાજકોટમાં મહિલા ક્રિકેટ ટીમે રંગ રાખ્યોઃ ૬ વિકેટે આયર્લેન્ડને હરાવ્યું







(તસ્વીરઃ આનંદ જાવિયા)

ભારત અને આયર્લેન્ડની મહિલા ટીમો વચ્ચે રમાઈ રહેલી ત્રણ મેચની ઘઉંઈ સીરિઝની બીજી મેચ રવિવારે રાજકોટમાં યોજાઈ હતી. આ મેચમાં ભારતીય ટીમે રનનો વરસાદ કર્યો હતો. ટીમ ઈન્ડિયાએ પોતાના તમામ રેકોર્ડ તોડીને ઘઉંઈમાં પોતાનો સર્વોચ્ચ સ્કોર બનાવ્યો હતો. ભારતીય બેટર્સે ધૂઆંધાર બેટિંગ વડે આયર્લેન્ડના બોલરોને હંફાવી ૫૦ ઓવરમાં ૫ વિકેટે ૩૭૦ રન બનાવ્યા હતા. ભારતીય મહિલા ક્રિકેટ ટીમની કેપ્ટન હરમનપ્રીત કૌર આ સીરિઝમાં રમી રહી નથી. તેના સ્થાને સ્મૃતિ મંધાનાને કેપ્ટનશીપ મળી છે. રાજકોટના સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન સ્ટેડિયમમાં ભારતે ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. ભારતની ઓપનિંગ જોડીએ શાનદાર પ્રદર્શન કરી પ્રથમ વિકેટ માટે ૧૯ ઓવરમાં ૧૫૬ રનની ભાગીદારી કરી હતી. મંધાનાએ ૫૪ બોલમાં ૭૩ રનની ઈનિંગ રમી હતી. આ દરમિયાન તેણે ૧૦ ચોગ્ગા અને ૨ છગ્ગા ફટકાર્યા હતા. પ્રતિકા રાવલે ૬૧ બોલમાં ૬૭ રન બનાવ્યા હતા. ભારતે ૧૫૬ રનમાં માત્ર બે વિકેટ જ ગુમાવી દીધી હતી. બે વિકેટ પડ્યા બાદ હરલીન દેઓલ અને જેમિમા રોડ્રિગ્ઝે ઈનિંગની જવાબદારી સંભાળી હતી. બંનેએ ૧૮૩ રનની ભાગીદારી કરી હતી. હરલીને ૮૪ બોલમાં ૮૯ રન અને . જેમિમાએ ૯૧ બોલમાં ૧૦૨ રન કર્યા હતાં. હરલીને કુલ ૧૨ ચોગ્ગા જ્યારે જેમિમાએ ૧૨ ચોગ્ગા સાથે પોતાની ઘઉંઈ કારકિર્દીની પ્રથમ સદી ફટકારી હતી.

## જામનગર જિલ્લાના મીઠોઈ ગામે ખેડૂતો સાથે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીનો પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર જિલ્લામાં ૧૩ સ્થળોએ જીવામૃત અને ઘન જીવામૃતના વેચાણની વ્યવસ્થા : ૧૩૭૭ જેટલા લાભાર્થીઓને દેશી ગાય નિભાવ ખર્ચ માટે સરકાર દ્વારા સહાય અપાય છે જામનગર.જો પ્રાકૃતિક ખેતી બીજામૃત, જીવામૃત, ઘન જીવામૃત, આચ્છાદન-વરાપ અને મિશ્ર પાક; આ પાંચ આયામોથી અપનાવવામાં આવે તો રાસાયણિક ખેતીના પ્રમાણમાં વધુ, ગુણવત્તાસભર અને સારું ઉત્પાદન મળે છે.જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના મીઠોઈ ગામે ખેડૂતો સાથે પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ કરતાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યુ હતું કે, દેશી ગાયના ગોબર અને ગૌમૂત્રથી ઓછા ખર્ચે પ્રકૃતિના મૂળભૂત સિદ્ધાંતો આધારિત પ્રાકૃતિક ખેતી કરવામાં આવે છે. પરિણામે ખેડૂતોને નહિવત ઉત્પાદન ખર્ચમાં રસાયણમુક્ત ખેત પેદાશ અને વધારે ભાવ મળે છે.રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો સાથે સંવાદ કરી તેઓના ખેતરમાં જમીનની ફળદ્રુપતા, ખર્ચ, પાકનું ઉત્પાદન, આવક વગેરે વિશે માહિતી મેળવી હતી. તેઓએ જૈવિક ખેતી, રાસાયણિક ખેતી અને પ્રાકૃતિક ખેતી વચ્ચેનો ફર્ક સમજાવ્યો હતો. રાસાયણિક ખેતીમાં યુરિયા, ડીએપી, જંતુનાશક દવાઓ વગેરેની ખરીદી કરી છંટકાવ કરવામાં આવે છે. જેના પરિણામે ખર્ચ વધુ થાય છે અને ઉત્પાદન ઓછું મળે છે. ખેતરોમાં રાસાયણિક દવાનો છંટકાવ કરવાથી દુર્ગંધ માત્રથી ખેડૂતોના અવસાનના કિસ્સાઓ સામે આવ્યા છે. આ રસાયણોથી પકાવવામાં આવેલું અનાજ જો આહારમાં લેવામાં આવે તો પ્રાકૃતિક ખેતી સૂક્ષ્મ જીવાણુઓની ખેતી છે. ખેતી કરવા માટે માત્ર દેશી ગાયના ગોબર અને ગૌમૂત્રની જરૂર છે. દેશી ગાય આધારિત ખેતી ખેડૂતોની સમૃદ્ધિના દ્વાર ખોલે છે. એક દેશી ગાયના ગોબર-ગૌમૂત્રથી ૩૦ એકર જમીનમાં ખેતી થઈ શકે છે. પશુઓને સેક્સડ સીમેન ડોઝથી કુત્રિમ બીજદાન કરવા માટે રાજ્ય સરકાર દ્વારા સહાય આપવામાં આવે છે. જેના થકી વધુ માદા જન્મશે. દેશી ગાયના એક ગ્રામ છાણમાં ૩૦૦ કરોડ જીવાણું હોય છે. ગૌ-મૂત્ર ખનીજોનો ભંડાર છે. સૂક્ષ્મ જીવાણુઓ અને અળસીયાઓ ઓર્ગેનિક



કાર્બન વધારવાનું કામ કરે છે, તેનાથી જમીન ફળદ્રુપ બને છે અને ઉત્પાદન સારું મળે છે. ગાયના ગોબર અને ગોમૂત્ર આધારિત પ્રાકૃતિક ખેતીના કારણે પ્રથમ વર્ષથી જ પૂરેપૂરું ઉત્પાદન મળે છે. ધરતીને રસાયણોના ઝેરથી મુક્ત કરવા અને પર્યાવરણને બચાવવા માટે પ્રાકૃતિક ખેતી ઉત્તમ માર્ગ છે.ઉલ્લેખનીય છે કે, જામનગર જિલ્લામાં ૧૩ સ્થળોએ જીવામૃત અને ઘન જીવામૃતના વેચાણની વ્યવસ્થા કરવામાં આવી છે. સરકાર દ્વારા જામનગર જિલ્લાના કુલ ૧૩૭૭ જેટલા લાભાર્થીઓને દેશી ગાય નિભાવ ખર્ચ માટે દ્વારા સહાય આપવામાં આવે છે. અત્યાર સુધી જિલ્લામાં ૮૨ ક્લસ્ટરમાં અંદાજિત ૨૦૦૦ તાલીમોમાં ૫૦૯૭૩ ખેડૂતોને પ્રાકૃતિક કૃષિની તાલીમ આપવામાં આવી છે.આ કાર્યક્રમમાં કૃષિ વૈજ્ઞાનિક કે.પી.બારૈયા દ્વારા પ્રાકૃતિક કૃષિના ફાયદાઓ અંગે ખેડૂતોને વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. શાળાની વિદ્યાર્થીનીઓ દ્વારા વિવિધ કૃતિના માધ્યમથી મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવ્યું હતુ અને પોલીસદળ દ્વારા રાજ્યપાલશ્રીને ગાર્ડ ઓફ ઑનર આપવામાં આવ્યું હતું.

## કોટડાસાંગાણી ના રામોદ મુકામે આઈ.સી.ડી.એસ દ્વારા પોષણ ઉત્સવ અંતર્ગત સેજા કક્ષાની વાનગી સ્પર્ધા યોજાઈ




રામોદ મુકામે પોષણ ઉત્સવ અંતર્ગત સેજા કક્ષાની વાનગી સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ આ કાર્યક્રમ રામોદ ખાતે સર્વોદય શાળા ખાતે આયોજન કરવામાં આવેલ હતું, રામોદ સેજાના કુલ ૩૦ બહેનો એ ભાગ લઈ મિલેટ્સ માંથી ૩૭ વાનગી તથા ઝઈંછ માંથી ૩૪ વાનગી બનાવવામાં આવેલ હતી તથા આ તકે આંગણવાડી ના લાભાર્થી દ્વારા પણ ૫ વાનગી બનાવી ઉત્સાહથી આ કાર્યક્રમ માં ભાગ લીધેલ હતો, તથા કાર્યકર/તેડાગર બહેનો ધ્વારા પૌષ્ટીક ખોરાક ખાવો તથા આંગણવાડીમાંથી મળતા ઝઈંછપેકેટનો ઉપયોગ કરતુ બહુ સુંદર નાટક પણ રજુ કરવામાં આવેલ હતુ તકે બાળવિકાસ યોજના અધિકારીશ્રી, રામોદ ગામના સરપંચશ્રી અમિતભાઈ પડાળિયા તથા ચેરમેનશ્રી. કિશોરભાઈ રાઠોડ આરોગ્ય વિભાગમાંથી છઇંજઊં મેડિકલ ઓફિસર અજયભાઈ બાવળીયા, સુપરવાઈઝર નિરૂપમાંબેન નિમાવત, ગગખ ઉર્વીબેન સાગઠિયા, એસ. એ કિશોરભાઈ રોજાસરા તથા સમગ્ર કાર્યક્રમ નું સંચાલન હિરેનભાઈ દવે દ્વારા સાંભળવામાં આવેલ હતું તથા આ કાર્યક્રમ જેમના સહકારથી સફળ થયો તેવા સર્વોદય શાળાના આચાર્ય જયેશભાઈ રામાણી પણ ઉપસ્થિત રહી કાર્યક્રમ ની તમામ સુવિધા ઉપલબ્ધ કરાવી હતી, આ તકે તમામ મહેમાનો દ્વારા વાનગી નિદર્શન કરી એકથી ત્રણ નંબર મિલેટ્સ વાનગી તથા એક થી ત્રણ નંબર ઝઈંછ વાનગી માં આપી સ્પર્ધકોનો ઉત્સાહ વધાર્યો હતો આ તકે સીડીપીઓ દ્વારા પોષણ ઉત્સવ અનુલક્ષી ને મિલેટસના ફાયદા અને ઝઈંછના ફાયદા તથા બહારના ખોરાક ના ખાવા ની બાબતે ચર્ચા કરી હતી તથા સરપંચશ્રી દ્વારા પોષણ મૂલ્ય વધારતા ખોરાક વિશે અને ફાયદા વિશે માહિતી આપી કાર્યક્રમને સફળ બનાવવામાં આવેલ હતો

## માળિયા તાલુકામાં રૂપિયા ૨.૩૦ કરોડના ખર્ચે ૯ ગામોના તળાવોને લિંક કરવાના કામોને મંજૂરી


**■ સિંચાઈ અને પશુપાલન વ્યવસાયને ફાયદોઃધારાસભ્ય કાંતિભાઈ અમૃતિયા**

**મુખ્ય સમાચાર,મોરબી**

માળિયા તાલુકામાં ૯ ગામોના તળાવો લિંક કરવાની રૂ. ૨.૩૦ કરોડના ખર્ચના કામ મંજૂર થઈ ગયા છે. આ કામગીરીથી સિંચાઈ અને પશુપાલન વ્યવસાયને પ્રોત્સાહન મળશે. મોરબીના ધારાસભ્ય કાંતિભાઈ અમૃતિયાના પ્રયત્નોથી આ પ્રોજેક્ટને મંજૂરી મળી છે, જેથી માળીયા તાલુકાના તમામ ગામોમાં આનંદનો માહોલ વ્યાપી ગયો છે. મોરબી જીલ્લાના માળિયા તાલુકાના સિંચાઈ વિહોણા ગામોમાં પાણીની તંગી દૂર કરવા મોરબી ધારાસભ્ય કાંતિભાઈ અમૃતિયાની રજૂઆતના પરિણામે રાજ્ય સરકારે રૂ. ૨.૩૦ કરોડના ખર્ચે ૯ ગામોના તળાવો લિંક કરવા માટે મંજૂરી આપી છે. આ પ્રોજેક્ટ માટે ચાર અલગ-અલગ આદેશો બહાર પાડવામાં આવ્યા છે. જેમાં જસાપર, નાની બરાર, જાજાસર અને દેવગઢના તળાવો લિંક કરવાનો પ્રોજેક્ટને ૪૦.૬૬ લાખ, ધરમનગરથી રાસંગપર તળાવ લિંક કરવા રૂપિયા ૯૯.૯૨ લાખ, નવાગામથી ધરમનગર તળાવ લિંક કરવાના કામ માટે રૂપિયા ૭૦.૫૧ લાખ તેમજ મહેન્દ્રગઢ અને સરવડ ગામના તળાવો લિંક કરવા રૂપિયા ૧૮.૯૫ લાખના કામોને સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે. ખેડૂતોને તેમની ખેતી માટે પૂરતું પાણી મળી રહેશે અને પશુપાલન વ્યવસાયને પણ મોટો ફાયદો થશે. ધારાસભ્ય કાંતિભાઈ અમૃતિયાએ કહ્યું કે, સચાઈ અને પશુપાલન વ્યવસાયને ફાયદો થશે તેમજ માળિયા તાલુકાના વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. હાલ તમામ ૯ ગામના ગ્રામજનો દ્વારા જબરો પ્રતિસાદ આપવા સાથે તમામ ગામોમાં આનંદ વ્યાપી ગયો છે.

## લોકસભા અધ્યક્ષ ઓમપ્રકાશ બિરલાએ લંડન સ્થિત BAPS નિસડન-મંદિરની મુલાકાત લીધી

**મુખ્ય સમાચાર,રાજકોટ**



૧૧ જાન્યુઆરી, શનિવારના રોજ લોકસભાના અધ્યક્ષ ઓમ પ્રકાશ બિરલાએ લંડનમાં નનિસડન મંદિરથ તરીકે જાણીતા એવા વિશ્વવિખ્યાત સ્વામિનારાયણ મંદિરની મુલાકાત લીધી હતી. ઓમ પ્રકાશ બિરલા, યુ.કે.ના હાઉસ ઓફ કોમન્સના સ્પીકર એવા લિન્ડસે હોયલના આમંત્રણ પર યુ.કે.ની પાંચ દિવસની સત્તાવાર મુલાકાત પર છે. ઓમ પ્રકાશ બિરલા દ્વારા પનિસડન મંદિરથની મુલાકાત લીધી હતી ત્યારે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના આધ્યાત્મિક વડા પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ વતી મંદિરના સંતો દ્વારા તેઓનું પારંપરિક હિન્દુ શૈલી દ્વારા ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું.

તેઓની આ મુલાકાત દરમિયાન મંદિરની મૂર્તિઓના દર્શન તેમજ અભિષેક દ્વારા મંદિરની આધ્યાત્મિક ઉર્જા અને પવિત્રતાનો અનુભવ કર્યો હતો. બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા ભારતમાં, યુ.કે. – યુરોપમાં થઈ રહેલાં આધ્યાત્મિક, સાંસ્કૃતિક, સામાજિક સેવાકાર્યો વિષે, ખાસ કરીને પેરિસમાં નિર્માણાધીન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ હિન્દુ મંદિર વિષે તેમણે માહિતી પ્રાપ્ત કરી હતી. નિસડન મંદિર મુલાકાત દરમિયાન તેઓ એ જણાવ્યું કે આ મંદિર ન કેવળ આધ્યાત્મિકતાનું કેન્દ્ર છે, પરંતુ ભારતીય ધર્મ, સંસ્કૃતિ, સેવા અને માનવીય મૂલ્યોનું વૈશ્વિક મંચ પણ છે. બી.એ.પી.એસ.ના કાર્યો સમગ્ર વિશ્વમાં ભારતના સામર્થ્ય અને પ્રભાવનો પરિચય આપી રહ્યા છે. હું બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાને તેના સેવા કાર્યો માટે અભિનંદન પાઠવું છું. ફેબ્રુઆરી ૨૦૨૨ માં, ઓમ પ્રકાશ બિરલાના નેતૃત્વમાં ભારતીય સંસદસભ્યોના એક વરિષ્ઠ પ્રતિનિધિમંડળે અબુ ધાબીમાં બી.એ.પી.એસ. હિન્દુ મંદિર સ્થળની મુલાકાત લીધી હતી. તે વર્ષના અંતમાં, બિરલાએ દિલ્હીના સ્વામિનારાયણ અક્ષરધામમાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.

## ઉનાના ગીર ગઢડા રોડ પર આવેલ ખાનગી હોસ્પિટલના પાર્કિંગમાંથી બાઈક ચોરી કરનાર બે શખ્સો ઝડપાયા



**અબ્દુલ પઠાણ ઉના** ગીર ગઢડા તાલુકામાં અને અમરેલી જિલ્લામાં છેલ્લા ઘણા સમયથી બાઈકની ચોરીઓ કરી તરખાટ મચાવનાર બે બાઈક ચોર યુવાનોને ગીર સોમનાથ જિલ્લા ક્રાઇમ બ્રાન્ચ ટીમે ઝડપી ઉના પોલીસને સોંપ્યા હતા. પ્રાપ્ત માહિતી અનુસાર ગીર ગઢડા તાલુકાના રસુલપરા ગામે રહેતા મધુ ભાઈ ખરા પોતાનું બાઈક લઈ ઉનાના ગીર ગઢડા રોડ પર આવેલ એપેક્ષ હોસ્પિટલમાં સારવાર અર્થે આવેલ હોય અને બાજુના ભાગે આ હોસ્પિટલના પાર્કિંગ વિભાગમાં પોતાનું બાઈક મુકી હોસ્પિટલમાં જતા બે જેટલા અજાણ્યા બાઈક ચોરોએ પાર્કિંગમાં રહેલ જીજે ૧૧ એએન ૨૫૯૭ નં નુ બાઈક ચોરી કરી નાશી છુટતા બાઈક માલિક મધુ ભાઈ ખરાએ બાઈકની શોધખોળ કરતા મળી ન આવતા ઉના પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવી હતી. જે ફરિયાદના આધારે ગીર સોમનાથ જિલ્લા ક્રાઇમ બ્રાન્ચ ટીમે હોસ્પિટલ માંથી સીસીટીવી ફટેજ મેળવી તપાસ હાથ ધરતા મનુ નાથાભાઈ મકવાણા રહે.જાફરાબાદ જી.અમરેલી,ધીરુ ગોવિંદભાઈ ગોહિલ રહે.ધોકડવા તા.ગીર ગઢડા વાળાઓને ઉનાના રેલ્વે સ્ટેશન પાસેથી ઝડપી પાડી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી

## મોરબીમાં જુના ઝઘડાનો ખાર રાખી બે મિત્રોને માર મારી જ્ઞાતિ પ્રત્યે હડધૂત કરાયા

મોરબીના ગ્રીન ચોક નજીક આવેલ મોચી શેરી વિસ્તારમાં મોટર સાયકલ લઈ નીકળેલ બે મિત્રોને જુના ઝઘડાનો ખાર રાખી ત્રણ શખ્સો દ્વારા ગાળાગાળી કરી જ્ઞાતિ પ્રત્યે હડધૂત કરી છરી વડે હુમલો કરવામાં આવ્યો હતો, હાલ ભોગ બનનાર દ્વારા સીટી એ ડિવિઝન પોલીસ સમક્ષ ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપી એવા ત્રણેય શખ્સો વિરુદ્ધ ગુનો નોંધી આરોપીઓની અટકાયત કરવા તજવીજ હાથ ધરી છે. મળતી માહિતી અનુસાર મોરબીના ગ્રીન ચોક વિસ્તારમાં આવેલ મોચી શેરીમાંથી પંકજભાઈ પાલાભાઈ રાઠોડ ઉવ.૨૫ રહે.માળિયા વનાળિયા વાળા અને તેનો મિત્ર હાજીભાઈ માણેક એમ બંને મોટર સાયકલ લઈને પસાર થતા હોય ત્યારે આરોપી કિશન પટેલ રહે. મોચી શેરીવાળાએ જુના ઝઘડાનો ખાર રાખી બંને મિત્રોને રોકી તેની સાથે બોલાચાલી ગાળાગાળી કરી જાહેરમા ફરિયાદીને જાતિ પ્રત્યે અપશબ્દો કહી અપમાનિત કરી બોલાચાલી કરતા હોય તે વખતે આરોપી કુશન પટેલનો ભાઈ કૃણાલ પટેલે અને તેના મિત્ર મોઈન કુરેશી ઘરમાથી બહાર આવી બંને મિત્રો ઉપર હુમલો કરી માર મારેલ જે બાદ આરોપી કિશન પટેલે તેની પાસે રહેલ છરી વડે પંકજભાઈ ઉપર હુમલો કરી હાથના કાંડા પાસે ઈજા કરી હતી, હાલ પોલીસે આરોપી કિશન પટેલ, કૃણાલ પટેલ બંનેરહે. મોચી શેરી ગ્રીન ચોક મોરબી તથા મોઈન કુરેશી રહે. કાલિકા પ્લોટ મોરબીવાળા વિરુદ્ધ એટ્રોસિટી સહિત ની કલમો હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## માળિયા તાલુકામાં રૂપિયા ૨.૩૦ કરોડના ખર્ચે ૯ ગામોના તળાવોને લિંક કરવાના કામોને મંજૂરી



માળિયા તાલુકામાં ૯ ગામોના તળાવો લિંક કરવાની રૂ. ૨.૩૦ કરોડના ખર્ચના કામ મંજૂર થઈ ગયા છે. આ કામગીરીથી સિંચાઈ અને પશુપાલન વ્યવસાયને પ્રોત્સાહન મળશે. મોરબીના ધારાસભ્ય કાંતિભાઈ અમૃતિયાના પ્રયત્નોથી આ પ્રોજેક્ટને મંજૂરી મળી છે, જેથી માળીયા તાલુકાના તમામ ગામોમાં આનંદનો માહોલ વ્યાપી ગયો છે. મોરબી જીલ્લાના માળિયા તાલુકાના સિંચાઈ વિહોણા ગામોમાં પાણીની તંગી દૂર કરવા મોરબી ધારાસભ્ય કાંતિભાઈ અમૃતિયાની રજૂઆતના પરિણામે રાજ્ય સરકારે રૂ. ૨.૩૦ કરોડના ખર્ચે ૯ ગામોના તળાવો લિંક કરવા માટે મંજૂરી આપી છે. આ પ્રોજેક્ટ માટે ચાર અલગ-અલગ આદેશો બહાર પાડવામાં આવ્યા છે. જેમાં જસાપર, નાની બરાર, જાજાસર અને દેવગઢના તળાવો લિંક કરવાનો પ્રોજેક્ટને ૪૦.૬૬ લાખ, ધરમનગરથી રાસંગપર તળાવ લિંક કરવા રૂપિયા ૯૯.૯૨ લાખ, નવાગામથી ધરમનગર તળાવ લિંક કરવાના કામ માટે રૂપિયા ૭૦.૫૧ લાખ તેમજ મહેન્દ્રગઢ અને સરવડ ગામના તળાવો લિંક કરવા રૂપિયા ૧૮.૯૫ લાખના કામોને સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે. આ પ્રોજેક્ટથી ખેડૂતોને તેમની ખેતી માટે પૂરતું પાણી મળી રહેશે અને પશુપાલન વ્યવસાયને પણ મોટો ફાયદો થશે. ધારાસભ્ય કાંતિભાઈ અમૃતિયાએ કહ્યું કે, નસ્ત્રસિંચાઈ અને પશુપાલન વ્યવસાયને ફાયદો થશે તેમજ માળિયા તાલુકાના વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. હાલ તમામ ૯ ગામના ગ્રામજનો દ્વારા જબરો પ્રતિસાદ આપવા સાથે તમામ ગામોમાં આનંદ વ્યાપી ગયો છે.

## મોરબીમાં ફરી સ્ટેટ મોનીટરીંગ સેલના દરોડાઃ૭૫૦ લીટર દેશી દારૂ સાથે બે ઈસમોને દબોચ્યા,૩ વોન્ટેડ

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી જિલ્લામાં એસએમસીની ટીમે મોટી સફળતા મેળવી છે. રંગપર-બેલા ગામ નજીક આવેલા સિરામિક કારખાનાની પાછળના વોકળા વિસ્તારમાં દારૂની રેડ દરમિયાન ૭૫૦ લિટર દેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો છે.



પોલીસે કુલ રૂ. ૪,૭૬,૮૦૦નો મુદ્દામાલ કબજે કર્યો છે, જેમાં રૂ. ૧.૫૦ લાખનો દારૂ, ત્રણ મોબાઈલ ફોન (રૂ. ૧૦,૫૦૦), પ્લાસ્ટિકના બે ટબ, બે ડોલ, એક બેરલ, રોકડ રકમ રૂ. ૧૫,૮૦૦ અને એક આઈ-૨૦ કારનો સમાવેશ થાય છે. સ્થળ પરથી બે આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે - કાંતિનગર માળિયા ફાટક પાસે રહેતા ૪૭ વર્ષીય અકબર કરીમભાઈ સમા અને ૨૦ વર્ષીય સાહિલ જાનમહમદભાઈ ભટ્ટી. આ ઉપરાંત ત્રણ અન્ય આરોપીઓ - અનવર ઉર્ફે દદી હાજીભાઈ માલાણી, ઈમરાન અને જીગ્નેશ ઉર્ફે ડાકુ કાળુભાઈ પંચાળા હજુ ફરાર છે.

મોરબી તાલુકા પોલીસ સ્ટેશનમાં પાંચેય આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો છે. ફરાર ત્રણેય આરોપીઓને પકડવા માટે ડ્જઈં એસ.એન. સગારકાના નેતૃત્વમાં આગળની તપાસ ચાલી રહી છે. આ ઘટના સ્થાનિક પોલીસની કામગીરી સામે પણ સવાલો ઉભા કરે છે, કારણ કે એસએમસીની ટીમ દ્વારા સતત સફળ રેડ કરવામાં આવી રહી છે.

## રાજ્યપાલ આચાર્ય દેવવ્રતનું જામનગર આગમન થતા એરપોર્ટ પર ઉષ્માભેર સ્વાગત કરાયું




જામનગર. ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રત જામનગર જિલ્લાની મુલાકાતે છે. ત્યારે જામનગર એરપોર્ટ પર રાજ્યપાલશ્રીનું આગમન થતા મહાનુભાવો દ્વારા ઉષ્માભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. અને સર્કિટ હાઉસ ખાતે તેઓને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું. તેમના સ્વાગતમાં જિલ્લા કલેક્ટર બી.કે.પંડ્યા, જિલ્લા વિકાસ અધિકારી વિકલ્પ ભારદ્વાજ, જિલ્લા પોલીસ વડા પ્રેમસુખ ડેલુ ઉપસ્થિત રહ્યા હતા.ઉલ્લેખનીય છે કે રાજ્યપાલ સર્કિટ હાઉસ જામનગર ખાતે અધિકારીઓ અને ખેડૂત ટ્રેનરો સાથે પ્રાકૃતિક કૃષિ વિષય પર સમીક્ષા બેઠક યોજશે. તેમજ તાલુકાના મીઠોઈ ગામે ગ્રામજનો અને ખેડૂતો સાથે સંવાદ કરશે. ત્યાંથી તેઓ ખંભાળીયા જવા રવાના થશે.

# રાજકોટ સહીત સમગ્ર સૌરાષ્ટ્રમાં મકરસંક્રાંતિના પર્વને લઈ અનેરો ઉત્સાહ



(તસ્વીરઃ આનંદ જાવિયા)



## આકાશમાં છવાશે રંગબેરંગી પતંગોની રંગોળીઃ પતંગની ધૂમ ખરીદી

આવતીકાલે રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્ર-કચ્છમાં મકરસંક્રાતિ પર્વની ઉજવણી અનેરા ઉમંગ અને ઉલ્લાસ સાથે થશે કાલે નાના મોટા સૌકોઈ ધાબા પર ચડીને પતંગો ચગાવશે એ કાપ્યો છે ની ચિચિયાતું ગુંજી ઉઠશે.પતંગ બજારમાં આજે રાત્રે લોકોની ભારે ભીડ જોવા મળી રહી છે આવતીકાલ મકરસક્રાંતિ હોવાથી લોકો શેરડી, જીંજરા, બોર, ચીકી પાકનો સ્વાદ માણશે, આકાશમાં રંગબેરંગી પતંગોની રંગોળી જોવા મળશે. આવતીકાલે ઉત્તરાયણ પર્વનું ધાર્મિક મહત્વ પણ છે. ઠેર-ઠેર પાંજરાપોળ, ગૌશાળાની રાવટીઓમાં જીવદયાનો ફાળો લોકો નોંધાવશે.આવતીકાલે ગૌપૂજનનું અનન્ય મહત્વ છે. આવતીકાલે સૂર્ય એક રાશિમાંથી બીજી રાશિમાં સ્થાનાંતર કરશે તેથી સંક્રાંતિ કહેવામાં આવતીકાલથી કમુહૂતા પુરાં થશે અને લગ્નની શરણાઈયો ગુજયા લાગશે.

# રૂ. ૧૫ લાખના દેવાને ૩.૫ કરોડ કરનાર જાડેજા બંધુની ધરપકડ

## જામનગર સિટી-બી ડિવિઝન પોલીસની કાર્યવાહીઃ ધમકી આપી જમીન પડાવી હતી, ગુજસીટોકના આરોપીઓ વિરૂદ્ધ ખંડણીનો ગુનો નોંધાયો

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર રૂ. ૧૫ લાખના રૂ. ૩ કરોડ કરી વેપારીની ૬ વિઘા જમીન પચાવી પાડી બન્ને આરોપીની ધરપકડ.જામનગરમાં ગુજસીટોકના આરોપી એવા બે ભાઈઓ સહિત ત્રણ શખ્સોએ વીભાપરના વેપારીને આઠ વર્ષ પહેલા લોન ઉપર પૈસા આપી બાદમાં જમીન હડપી લઈ વધુ ત્રણ કરોડની માંગણી કરતા પોલીસ ફરિયાદ થવા પામી છે. જેમાં પોલીસે બળજબરીથી પૈસા કઢાવવા તેમજ વ્યાજ વટાવની કલમ લગાડી બન્ને ભાઈઓની ધરપકડ કરી જેલ હવાલે કર્યા છે. ત્રીજો શખસ હજુ ફરાર હોય પોલીસ તેને શોધી રહી છે.પ્રાપ્ત વિગત અનુસાર જામનગર શહેરના ગુલાબનગર નજીક આવેલા વિભાપર ગામે રહેતા અને ધંધો કરતા વેપારીએ વર્ષ ૨૦૧૫માં રૂ. ૧૫ લાખ યશપાલસિંહ મહેન્દ્રસિંહ જાડેજા અને જશપાલસિંહ મહેન્દ્રસિંહ જાડેજા અને અશોક ચાંદ્રા નામના ત્રણ શખસો પાસેથી વ્યાજે લીધા હતાં. જે બાદ આ શખસોએ ત્રણ લાખના રૂ. ૩ કરોડ કરી દીધા હતાં અને કડક ઉઘરાણી અને ધાક-ધમકી આપતા હતાં જેનાથી કંટાળીને વેપારીએ તેની પાસે રહેલી ૬ વિઘા જમીન તેમને આપી દીધી હતી. આટલાથી ન અટકતા આ શખસો દ્વારા ધમકી



અને ઉઘરાણી ચાલુ રહેતા વેપારીએ વર્ષ ૨૦૨૨માં ત્રણેય વિરૂધ્ધ પોલીસમાં અરજી કરી હતી. જેનું બાદમાં બારોબાર સમાધાન થઈ ગયું હતું.જે બાદ ફરી ધમકી અને ત્રાસ ચાલુ રહેતા તેમજ ઘરે આવીને તેના પિતાને ધાક-ધમકી આપતા કંટાળીને વેપારીએ બન્ને ભાઈઓ યશપાલસિંહ અને જશપાલસિંહ તેમજ અશોક ચાંદ્રા વિરૂધ્ધ સીટી-બી ડિવિઝનમાં વ્યાજખોરી અને ધાક-ધમકી અને બળજબરીથી પૈસા કઢાવવા સહિતની કલમો અંગે ફરિયાદ નોંધાવતા સીટી-બી પોલીસે તાત્કાલિક યશપાલસિંહ અને જશપાલસિંહની ધરપકડ કરી કોર્ટમાં રજુ કરતા કોર્ટે તેને જેલ હવાલે કરવા હુકમ કર્યો છે. ત્રીજો આરોપી અશોક ચાંદ્રા ફરાર થઈ ગયો હોવાથી પોલીસ તેને શોધી રહી છે. ગુજસીટોકના બે આરોપી સામે વધુ એક ગુનો નોંધાતા શહેરમાં ભારે ચકચાર જાગી છે.

# ઉપલેટા તાલુકામા આઈ.સી.ડી.એસ દ્વારા સી-મેમ તાલીમ યોજાઈ

**મુખ્ય સમાચાર, ઉપલેટા**

જન્મથી પાંચ વર્ષ સુધીના બાળકો માટે યોગ્ય અને પૂરતું પોષણ તેમજ સંભાળ બાળકના મહત્તમ વૃદ્ધિ અને વિકાસ માટે ખૂબ જરૂરી છે જીવનના પ્રથમ ૧૦૦૦ દિવસ દરમિયાન બાળકોમાં વૃદ્ધિ અને વિકાસનો દર ખૂબ ઝડપી હોય છે આ સમયગાળા દરમિયાન બાળકોમાં પોષણ અને પરિવારની કાળજી ના અભાવ તેમજ ચેપ અને વારંવાર થતી સામાન્ય બીમારીઓને કારણે તેમની શારીરિક અને માનસિક વૃદ્ધિ અને વિકાસમાં વિક્ષેપ આવવાની શક્યતાઓ ખૂબ વધુ છે.

અતિ ગંભીર કુપોષણ અટકાવવા માટે વિવિધ યોજનાઓ ચલાવવા છતાં સમુદાયમાં બાળકોમાં કુપોષણનું પ્રમાણ જોવા મળે છે અતિ ગંભીર કુપોષિત બાળકોમાં સામાન્ય બાળકની સરખામણીએ રોગો થી મૃત્યુ પામવાની શક્યતા નવ ગણી વધી જાય છે આથી આવા બાળકોની સમુદાય સ્તરે ઉપચારાત્મક વ્યવસ્થા ગોઠવવાની જરૂરિયાત ઊભી થાય છે.

કોમ્યુનિટી બેઝડ મેનેજમેન્ટ ઓફ એક્યુટ માલન્યુટ્રીશન ( સી - મેમ ) એન્ડ અર્લી ગ્રોથ ફોલ્ટરીંગ એ અતિ ગંભીર બાળકો જે કોઈ તબીબી જટિલતા ધરાવતા નથી તેમની સામુદાયિક સ્તરે સારવાર કરવા માટે શરૂ થનાર કાર્યક્રમ છે.

ઉપરોક્ત કાર્યક્રમના સંદર્ભ માં ઉપલેટા તાલુકામાં મુખ્ય સેવિકા, પી.




એસ. ઈ., એન.એન એમ. સ્ટાફ, આંગણવાડી કાર્યકર તેમજ કોમ્યુનિટી હેલ્થ ઓફિસર, એ. એન.એમ. , ફિમેલ હેલ્થ વર્કર , આશા કાર્યકર, આશા ફેસીલીટર ની તા :૯/૧/૨૫ અને તાઃ ૧૧/૧/૨૫ બે દિવસીય તાલીમનું આયોજન કરવામાં આવેલ. જેમાં માસ્ટર ટ્રેનર દ્વારા તાલીમ આપવામાં આવેલ હતી તેમજ તાલુકા હેલ્થ ઓફિસર શ્રી અને બાળ વિકાસ યોજના અધિકારીશ્રી ઉર્વશીબા જાડેજા દ્વારા વિશેષ માર્ગદર્શન આપવામાં આવેલ હતું.

# રાજકોટમાં આંતરરાષ્ટ્રીય પંતગ મહોત્સવે ચાર ચાંદ લગાવ્યા



(તસ્વીરઃ આનંદ જાવિયા)



રાજકોટ તા. ૧૨ જાન્યુઆરી - સાંસદ પરશોત્તમભાઈ રૂપાલાના હસ્તે રાજકોટ સ્થિત ધર્મેન્દ્રસિંહજી કોલેજ ખાતે પઆંતરરાષ્ટ્રીય પતંગોત્સવથનો શુભારંભ થયો હતો. આ તકે સાંસદશ્રી રૂપાલાએ જણાવ્યું હતું કે,પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના તળપદા તહેવાર ઉત્તરાયણને આંતરરાષ્ટ્રીય પતંગ ઉત્સવ સુધીની ગરિમા સુધી પહોંચાડ્યો છે. પ્રધાનમંત્રીએ યોગ, ધ્યાન, ઉત્તરાયણ જેવા આપણા સાંસ્કૃતિક પર્વોને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ અપાવી છે. તેમણે પતંગોત્સવ થકી ઉદ્યોગ, રોજગારી અને પ્રવાસનને વેગ આપ્યો છે. આ સાથે પતંગ થકી જીવનની શીખને સમજાવતા સાંસદ એ કહ્યું હતું કે, પતંગ માનવીને પોતાના મૂળ સ્ત્રોત, પોતાની સંસ્કૃતિ સાથે જોડાયેલા રહેવાની શીખ આપે છે, તે ઉપદેશ આપે છે કે, જ્યાં સુધી આપણે મૂળ સાથે જોડાયેલા છીએ ત્યાં સુધી જ ઉડાનને પ્રાપ્ત કરી શકીએ છીએ. સંસ્કૃતિનું જોડાણ તૂટતા આપણી પતંગ કપાઈને જમીન દોસ્ત થઈ જાય છે. આ પ્રસંગે રાજકોટ મહાનગરપાલિકાના મેયર નયનાબેન પેઢડીયાએ આગામી મકરસંક્રાંતિ પર્વની શુભકામના પાઠવી જણાવ્યું હતું કે, રંગીલા શહેર રાજકોટમાં રંગીલો પતંગોત્સવએ અભૂતપૂર્વ નજારો બની રહેશે.

# લાતી પ્લોટ માં દિવાલ ધરાશાઈ થતા ત્રણ લોકો ઘવાયાઃ અનેક વાહનોમાં નુકસાન



(તસ્વીરઃ આનંદ જાવિયા)

મોરબી રોડ પર આવેલા લાતી પ્લોટ માં સેન્ટ્રીંગ ના ડેલાની દીવાલ ધરાશાહી થતા શેરીમાં ઉભેલા ત્રણ લોકો ઘવાયા હતા જ્યારે શેરીમાં પાર્ક કરેલા બાઈક તથા છોટાહાથી સહિત અનેક વાહનોમાં નુકસાની થઈ હતી દીવાલ ધોરાશાહી થતા ઈજા પામેલા લોકોને તાત્કાલિક સારવાર અર્થે ૧૦૮ મારફતે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા બનાવની જાણ પોલીસ અને આરએમસી નીકળવામાં આવતા કાફલો ઘટના સ્થળે દોડી આવ્યા હતા

# રેલવે તંત્રની લોકોને ટ્રેકની ઉપર આવેલ હાઈ વોલ્ટેજ ઈલેક્ટ્રીક વાયરથી સાવચેત રહેવાની અપીલ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ડિવિઝનના તમામ સેકશનમાં રેલવે લાઈનો પર ૨૫૦૦૦ વોલ્ટના વાયરોમાં પતંગની દોરીઓ ફસાઈ હોવાથી રેલવે કર્મચારીઓએ ટ્રેક પર કામ કરતી વખતે આ વાયરોના સંપર્કમાં ન આવે તેની કાળજી લેવા પશ્ચિમ રેલ્વે દ્વારા અપીલ કરાઈ

રેલવે તંત્ર દ્વારા બધા લોકોને જાણ કરવામાં આવે છે કે રાજકોટ ડિવિઝનના તમામ સેક્શનમાં રેલવે લાઈનો પર ૨૫૦૦૦ વોલ્ટના ઓવરહેડ વાયરો લગાવવામાં આવ્યા છે. આ ૨૫૦૦૦ વોલ્ટના વાયરોમાં પતંગની દોરીઓ ફસાઈ હોવાનું જોવામાં આવ્યું છે. રેલવે કર્મચારીઓએ ટ્રેક પર કામ કરતી વખતે આ વાયરોના સંપર્કમાં ન આવે તેની



કાળજી લેવી જોઈએ કારણ કે ઈલેક્ટ્રિક શોકને કારણે જીવનું જોખમ રહેલું છે.

આ ઉપરાંત સામાન્ય લોકો પણ રેલવે ટ્રેક પાસે પતંગ ઉડાવે છે અને ઓવરહેડ વાયરમાંથી પતંગ કાઢવાનો પ્રયાસ કરે છે. તો સૌને વિનંતી છે કે રેલવે ટ્રેક પાસે પતંગ ઉડાવવાનું ટાળો અને રેલવેના હાઈ વોલ્ટેજ ટ્રેક્શન વાયરમાંથી પતંગ કાઢવાનો પ્રયાસ ન કરે અને સામાજિક હિતને ધ્યાનમાં રાખીને શક્ય તેટલું અન્ય લોકોને આ બાબત ની જાણ કરે.

# ૨૨ દારૂના કેસના ગુનેગાર બુટલેગરે ખેતરમાં બોલાવી મહિલા પર કર્યો બળાત્કાર, જાનથી મારી નાખવાની ધમકી આપી

**મુખ્ય સમાચાર, ઉના**

**અબ્દુલ પઠાણઃ** ઉનાના ખાણ ગામે રહેતા રસિક જીણા બાંભણિયા નામના બુટલેગરે ભાવનગર જિલ્લાની એક પરણિત મહિલાને ઉનામાં મળવા બોલાવી હતી. પરણિત મહિલા ઉનામાં આવ્યા બાદ અંજાર રોડ પર આવેલ બુટલેગર રસિક જીણાના ખેતરે ગયેલ હતો. જેની બાજુના ભાગે આવેલ આંબાના વૃક્ષ નીચે બુટલેગરે પરણિત મહિલાને લઈ જઈ મહિલા પર બળજબરીપુર્વક બુટલેગર રસિક જીણાએ દુષ્કર્મ આચરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બાદમાં પરણિત મહિલાએ ૧૮૧ મહિલા હેલ્પ લાઈનમાં ફરિયાદ નોંધાવતા ઉના પોલીસ દ્વારા મેડિકલ તપાસ કરાવાઈ



હતી. દુષ્કર્મ આચરનાર બુટલેગર રસિક જીણા બાંભણિયા વિરૂદ્ધ પરણિત મહિલાએ ગુન્હો નોંધાવતા ઉના પોલીસે વિવિધ કલમો હેઠળ કાર્યવાહી કરી બુટલેગર રસિક જીણાને ઝડપી પાડવા ચક્રો ગતીમાન કર્યા હતા. દુષ્કર્મ આચરનાર બુટલેગર રસિક જીણા વિરૂદ્ધ ૨૨ જેટલા દારૂના ગુન્હાઓ નોંધાયેલા છે અને ૫ જેટલા ગંભીર ગુન્હાઓ પણ નોંધાયેલા છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# વધુ એક વખત વોર્ડ નંબર ૧૪માં પાણીની પાઈપલાઈનમાં ભંગાણ

## કોઠારીયા કોલોની, માસ્તર સોસાયટી વિસ્તાર પાણી વિહોણાઃ કોંગ્રેસ પ્રવક્તા ગજુભાઈએ ઘટના સ્થળે દોડી જઈ ઈજનેરોને કરી રજૂઆત

**મુખ્ય સમાચાર,રાજકોટ**





(તસ્વીરઃ આનંદ જાવિયા)

રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિના પ્રવકતા ગજેન્દ્રસિંહ ઝાલા (પ્રમુખશ્રી- ફરિયાદ સેલ રાજકોટ શહેર કોંગ્રેસ) ની યાદી મુજબ રાજકોટ શહેરના વોર્ડ નંબર ૧૪માં વધુ એક વખત પાણીની પાઈપલાઈન માં ભંગાણ થતાં શહેરના કોઠારીયા કોલોની અને માસ્તર સોસાયટીમાં આજે પાણી વિહોણા રહેશે. શહેરના વોર્ડ નંબર ૧૪માં વખતો વખત પાણીની પાઈપલાઈનો માં બિસ્કીટ ની જેમ ભંગાણ થઈ રહ્યું છે. અગાઉ આ વોર્ડ ૧૪ એ વોર્ડ ૧૫ અને વોર્ડ નંબર ૧૯ નો ભાગ હતો તત્કાલીન સમયે વોર્ડ નંબર ૧૫માં ડી આઈ પાઈપલાઈન પથરાઈ ગઈ હતી પરંતુ તત્કાલીન સમયના વોર્ડ નંબર ૧૯ ના જે ભાગો આવે છે તેમાં કોઠારીયા કોલોની (પાટે), ભક્તિનગર સોસાયટી, વાણીયાવાડી, ગોપાલ નગર, ગાયત્રી નગર, મિલપરા, શ્રમજીવી સોસાયટી, આનંદ નગર, ગીતા નગર સહિતના જે વિસ્તારો આવે છે તેમાં અવારનવાર પાઈપલાઈનમાં ભંગાણ થાય છે અને ડહોળા અને ગંધાતા પાણીની વ્યાપક ફરિયાદો તંત્ર ના રેકોર્ડ પર છે. કારણકે તત્કાલીન સમયે વોર્ડ નંબર ૧૫ નું ટેન્ડર પાસ થયું હતું પરંતુ ત્યાર પછી વોર્ડ નંબર ૧૯ ના જે હાલ વોર્ડ નંબર ૧૪ ના ભાગો છે તે વિસ્તારમાં પચાસેક વર્ષ જૂની પાઈપલાઈનો હોવાને પગલે ભંગાણ થતું જ રહે છે. આ વિસ્તાર ડી આઈ પાઈપ લાઈનથી વંચિત છે. તેમાં ડી આઈ પાઈપલાઈન નાખવા વખતો વખત રજૂઆતો પણ કરવામાં આવી છે.

# કૌટુંબિક દીયરે લગ્નની લાલચે પરિણીતા સાથે દુષ્કર્મ આચરી અભદ્ર ફોટા વોટ્સએપ સ્ટેટસમાં વાયરલ કર્યા

## પરિણીતાની ફરિયાદ પરથી પોલીસે ગુનો નોંધી શખસને સકંજામાં લીધો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

સુરેન્દ્રનગર પથંકની હાલ શહેરના એક વિસ્તારમાં રહેતી પરીણીતાને કૌટુંબિક દીયરે લગ્નની લાલચે અવાર નવાર દુષ્કર્મ આચરી પરીણીતાનાનગ્ન ફોટા પાડી લઈ સંબંધ નહીં રાખે તો મારી નાખવાની ધમકી આપી શખસે પોતાના વોટ્સએપ સ્ટેટસમાં ફોટા વાયરલ કર્યાની એરપોર્ટ ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપીની ધરપકડ કરી હતી.

શહેરમાં રહેતી ૩૦ વષીય પરીણીતાએ એરપોર્ટ પોલીસમાં કૌટુંબિક દિયર ગોરધન મનુભાઈ વાલાણી ઉ.૨૫ સામે દુષ્કર્મની ફરિયાદ નોંધાવી છે.જેમાં ત્રણ વર્ષ પુર્વે બન્ને ઈમીટેશનનું કામ કરતા હતા ત્યારે પરીચય થયો હતો.અને ગોરધનએ પોતાનું મકાન પરીણીતાને રહેવા આપ્યું હતું બાદમાં શખસે પરીણીતા ઘરે એકલી હોઈ ત્યારે આવી લગ્નની લાલચ આપી અવાર નવાર દુષ્કર્મ આચરી પરીણીતાના નગ્ન ફોટો પાડી લીધા હતા. બાદમાં પરીણીતાનો ગોરધન કૌટુંબિક દીયર થતો હોવાથી સંબંધ રાખવાનો પરીણીતાએ ઈન્કાર કરતા શખસે સંબંધ નહીં રાખે તો પોતાના ફોનમાં પાડેલા ફોટા વાયરલ કરવાની ધમકી આપી તેણીને જાનથી મારી નાખશે તેવી ધમકી આપી હતી.પરંતુ કૌટુંબિક થતા હોવાથી પરીવારજનોએ સમાધાન કરવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ શખસે પોતાના વોટ્સએપ સ્ટેટસમાં ફોટા વાયરલ કરી તેણીને બદનામ કરતા અંતે પોલીસ ફરિયાદ નોંધાવતા એરપોર્ટ પોલીસ મથકના પીઆઈ ઈલાબેન સાવલીયાએ ગુનો નોંધી આરોપી ગોરધનની ધરપકડ કરી હતી.



# ધોરણ ૧૦ ના વિદ્યાર્થીનો ગળાફાંસો ખાઈ આપઘાત

## આપઘાતનું કારણ અકળઃ રાજકોટ ૮૦ ફટ રોડ, સત્યમ પાર્કનો બનાવઃ ૧૫ વર્ષિય હાર્દિક વાઘેલાના આપઘાતથી પરિવાર શોકમય

**મુખ્ય સમાચાર,રાજકોટ**




વર્તમાન યુગમાં હવે કોઈને સહનશીલતા રહી નથી. નાની અમથી વાતમાં પણ આત્મઘાતી પગલા ભરતા થઈ ગયા છે. આ વાતની સાબિત કરતી ઘટના રાજકોટમાં બની હતી. શહેરનાં ૮૦ ફુટ રોડ, સત્યમ પાર્ક શેરી નં-૩માં રહેતાં ૧૫ વર્ષિય તરુણે ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. બનાવ પગલે મૃતકના પરિવારમાં શોકનું મોજુ ફરી વળ્યુ છે.બનાવની પ્રાપ્ત વિગતો અનુસાર ૮૦ ફુટ રોડ, હુન્ડાઈના શો રૂમની સામે સત્યમ પાર્ક શેરી નં-૩ માં રહેતો ૧૫ વર્ષિય હાર્દિક કમલેશભાઈ વાઘેલા નામના તરુણે ગઈ કાલ બપોરનાં પોતાના ઘરે ચુંદડી વડે ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.

બપોરે તરુણનો ભાઈ સ્કૂલેથી ઘરે આવ્યો ત્યારે ઘરનો દરવાજો ખોલી જોયું તો હાર્દિક લટકેલી હાલતમાં હતો. આ જોઈ તરુણનો ભાઈ સ્તબ્ધ થઈ ગયો હતો. અને રાડારાડી કરવા લાગ્યો તેવામાં આજુબાજુના માણસો એકઠા થઈ ગયા હતા. બાદ તાકિદે તરુણને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. પરંતુ સારવાર કારગત નીવડે તે પહેલાં જ તરુણે દમ તોડી દિધો હતો. બનાવ અંગે થોરાળા પોલીસને જાણ કરતા પોલીસ તુરંત દોડી ગઈ હતી.

અને પોલીસે જરૂરી કાગળો કરી તરુણના મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો. મૃતક તરુણના પિતા કન્સ્ટ્રકશનનું કામ કરે છે. તે બે ભાઈમાં નાનો હતો. ધોરણ ૧૦ માં સર્વોદય સ્કૂલમાં અભ્યાસ કરતો હતો.ક્યાં કારણોસર તરુણે આ પગલું ભર્યું તે હજુ જાણવાં મળ્યુ નથી. પોલીસે આપઘાતનું કારણ જાણવા વધુ તપાસ હાથ ધરી છે.

# શ્યામલાલજીની હવેલીએ કાલે ખીચડાનો મહાપ્રસાદ બટાશે



શ્યામલાલજી ની હવેલીમાં આવતીકાલે તારીખ ૧૪ મંગળવારે મકરક્રાંતિ (ઊતાયણ)છે તે દિવસે રાજભોગના દર્શન નો સમય સવારે ૮:૩૦ કલાક રહેશે તેમજ ખીચડા નો મહાપ્રસાદ બટાશે તો સમગ્ર વૈષ્ણવ સૃષ્ટિને દર્શન કરવા તેમજ મકરસંક્રાંતિ ઉત્સવ નો લાભ લેવા ભાવભર્યું શ્રી મુખિયાજી જયેશભાઈ હરિભાઈ મહેતાનું આમંત્રણ છે સ્થળઃ- :શ્રી શ્યામલાલજી ની હવેલી (જૂની સદર ની હવેલી) પંચનાથ મંદિર મેઈન રોડ રાજકોટ ફોનનંબરઃ- ૮૫૧૧૭૬૩૭૬૩/૮૫૧૧૭૬૩૭૬૩

# રાજકોટ ગ્રામ્યમાં ચાઈનીઝ દોરી વેંચતા વેપારીઓ પર પોલીસની ધોંસ : ૧૪૩ ફિરકી પકડાઈ

## મેટોડા, ગોંડલ, શાપર, પાંચ પીપળા, દેરડી કુંભાજી, પીપળીયા અને ધોરાજીમાં પોલીસની કાર્યવાહીઃ નવ વેપારીઓ સામે ગુનો નોંધાયો


**મુખ્ય સમાચાર,રાજકોટ**

ઉત્તરાયણ પર્વને ગણતરીની કલાકો જ બાકી છે ત્યારે લોકો પહેલાંથી જ પેચ લગાવવાનું શરૂ કરી દેતાં હોય છે. ત્યારે કેટલાક વેપારીઓ કમાઈ લેવાની લ્હાઈમાં લોકો અને પક્ષીઓના ગળા કાપતી ચાઈનીઝ દોરીનું વેંચાણ કરતાં શખ્સો સામે પોલીસ મેદાને પડી છે. રાજકોટ ગ્રામ્યમાં ચાઈનીઝ દોરી વેંચતા વેપારીઓ પર રૂરલ પોલીસે ધોંસ બોલાવી નવ વેપારી સામે ગુનો નોંધી ૧૪૩ ફિરકી પકડી પાડી હતી.

દરોડનો વિગત મુજબ, રાજકોટ રેન્જ આઈજી અશોકકુમાર યાદવની સૂચનાથી રાજકોટ એસપી હિમકરસિંહએ ચાઈનીઝ દોરીનું વેંચાણ કરતાં વેપારીઓ સામે કડક પગલાં ભરવાની આપેલ સૂચનાથી રૂરલ પોલીસ મેદાને પડી હતી અને અલગ અલગ પોલીસ મથકમાં ચાઈનીઝ દોરી વેંચતા શખ્સો સામે ગુનો નોંધ્યો હતો.

જેમાં મેટોડા પોલીસ મથકના પીઆઈ એચ. એસ.શર્મા અને ટીમે મેટોડા જીઆઈડીસી ગેઈટ નં.૦૩ માં આવેલ દુર્ગા ચોકમાં દરોડો પાડી જાહેર રોડ પર ચાઈનીઝ દોરીનું વેંચાણ કરતાં સુનિલ દિનેશ જાખલીયા (ઉ.વ.૨૮),(રહે. મેટોડા જીઆઈડીસી, શ્રીનાથજી સોસાયટી) સામે કાર્યવાહી કરી ચાઈનીઝ દોરીની ૨૦૦ ફિરકી રૂ.૧૪ હજારનો મુદામાલ કબ્જે કર્યો હતો.

જ્યારે ગોંડલ તાલુકા પોલીસે વોરાકોટડા ગામેથી ચાઈનીઝ દોરીનું વેંચાણ કરતાં મુકેશ હરિ મીઠાપરા નામના શખ્સને પકડી ચાઈનીઝ દોરીની ૪૭ ફિરકી રૂ.૬૭૫૦ નો મુદામાલ અને મોવિયા ગામ જવાના રોડ પરથી કેતન કિશોર વાઘાણી (રહે. દોમડિયા સોસાયટી, ગોંડલ) સામે કાર્યવાહી કરી ચાઈનીઝ દોરી ફિરકી ૫ નંગ પકડી પાડી હતી. તેમજ શાપર પોલીસે વેરાવળ ખેતલા આપા હોટલ પાસેથી વિરમદેવસિંહ ઉર્ફે નાનકો કિશોરસિંહ જાડેજા (ઉ.વ.૨૧),(રહે. શાપર) ને દબોચી ચાઈનીઝ ફિરકી નંગ.૫ કબ્જે કરી હતી.



જ્યારે ધોરાજી સીટી પોલીસે ધોરાજીના કુંભારવાડા સ્વામિનારાયણ મંદિર પાસેથી જયદીપ ભરત શેખ નામના શખ્સને પકડી તેની પાસેથી ચાઈનીઝ દોરીની ૫ ફિરકી ઝડપી પાડી હતી. તેમજ પીપળીયા ગામેથી અરવિંદ ઉર્ફે લૂખા ભીખો બાંભણીયા નામના શખ્સ પાસેથી ચાઈનીઝ દોરીની ૧ ફિરકી કબ્જે કરી હતી. જ્યારે ગોંડલ સીટી પોલીસે ભગવતપરામાં બાપા સીતારામ ચોક પાસેથી યોગેશ ડાયા ઈસોરીયા નામના શખ્સ પાસેથી ચાઈનીઝ દોરીની ૫ ફિરકી કબ્જે કરી કાર્યવાહી કરી હતી.

ઉપરાંત જેતપુર ઉદ્યોગનગર પોલીસે પાંચ પીપળા ગામમાં ખોડિયાર માતાના મંદિર પાસેથી રવી હરિ મકવાણા નામના શખ્સને ચાઈનીઝ દોરીની ૩ ફિરકી અને ગોંડલના દેરડી કુંભાજી ગામેથી પોલીસે વિજય રવજી સોલંકી નામના શખ્સને ચાઈનીઝ દોરીની ૨ ફિરકી સાથે પકડી પાડ્યો હતો.

# ઉતરાયણ પૂર્વે પોલીસે ચાઈનીઝ દોરી-તુક્કલ વેચતા ૨૫ વેપારીઓ સામે કરી કાર્યવાહી

## મવડી ચોકડીએથી અમદાવાદના શખ્સને ચાઈનીઝ દોરા અને ચાઈનીઝ કાચની ભુક્કીના જથ્થા સાથે પોલીસે ઝડપી લીધો

**મુખ્ય સમાચાર,રાજકોટ**



મકરસંક્રાંતિના તહેવાર અનુસંધાને તાલુકા પોલીસે ચાઈનીઝ દોરાની ફિરકીઓ અને દોરો બનાવવા ઉપયોગમાં લેવાતાં ચાઈનીઝ કાચની ભુક્કીના જથ્થા સાથે અમદાવાદના શખસને પકડી લીધો છે.જયારે મકરસંક્રાંતિ પૂર્વે પતંગ-દોરાની દુકાન, સ્ટોલ, પાથરણા પાથરીને વેચાણ કરનારાને ત્યાં પોલીસનુ ચેકીંગ હાથ ધરીને ૨૫ થી વધુ વેપારી સામે કાર્યવાહી કરી છે.ચાઈનીઝ દોરીના વેચાણ તથા ઉપયોગ કરવા તથા કોઈપણ પ્રકારના પ્લાસ્ટીક, પાકા સિન્થેટીક મટીરીયલ, ટોકસ્ટીક મટીરીયલ, લોખંડ પાઉડર, કાચ તથા અન્ય હાનિકારક પદાર્થનો ઉપયોગ કરી તૈયાર કરેલ તથા નોન-બાયોડીગ્રેબલ હોય તેવી દોરી/નાયલોન/ચાઈનીઝ માંઝાના પાકા દોરા તથા પ્લાસ્ટિક ચાઈનીઝ બનાવટના ચાઈનીઝ દોરા તથા આયાતી દોરાના આયાત કરી ખરીદ, વેચાણ સંગ્રહ અને વપરાશ કરવા ઉપર તેમજ આવા દોરાના ઉપયોગ કરી પતંગો ઉડાડવા ઉપર પ્રતિબંધિત અંગેનુ પોલીસ કમિશનર દ્રારા જાહેરનામુ હોઈ તેની અમલવારી કરવા તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હોઈ તે દરમ્યાન હેડકોન્સ. હરપાલસિંહ જશુભા જાડેજા તથા પો.કોન્સ. ઉગાભાઈ રવજીભાઈ બાળાને બાતમી હકિકત મળેલ કે એક શખ્સ મવડી ચોકડીથી બાપા સીતારામ ચોક તરફ જતા રોડ ઉપર આવેલ જલ્પા પાનની પાસે સફેદ કલરનો આખી બાયનો શર્ટ તથા મરૂન કલરનું પેન્ટ પહેરેલ છે જે ચાઈનીઝ કાચનો ઉપયોગ કરી ફીરકીમાં દોરો તૈયાર કરેલો હોઈ તેમજ વેચાણ કરે છે, આ માહિતી પરથી દરોડો પાડી વીરચંદ લલુભાઈ પટણી દેવીપૂજક (રહે.લીલાનગર મફતીયાપરા ખોડીયારનગરની બાજુમાં નીકોલ અમદાવાદ)ને એક ખઅઉઊ ઈંગ ઈઈઈંગઅ ખઊકઅખઈંગઊ લખેલ ચાઈનીઝ કાચની ૨૫ કીલો ગ્રામ ભૂકી તથા ચાઈનીઝ કાચથી રંગ ચડાવેલ ફીરકીઓ કુલ નંગ-૮ જેની કિં.રૂ.૧,૨૦૦/- મળી કુલ્લે કિં.રૂ.૧,૪૫૦ નો મુદ્દામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે.

# સ્યુસાઈડ નોટ લખી બે દિવસથી લાપતા કરિયાણાના વેપારીને શોધવા દોડધામ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ ગોવિંદરત્ન ગ્રીન સિટીમાં રહેતા અને કરિયાણાની દુકાન ધરાવતા વેપારી આધેડે સુસાઈડ નોટ લખી ભેદી રીતે ગુમ થઈ જતા પરિવારજનોએ પોલીસને જાણ કરતા તપાસનો દોર શરૂ થયો છે



પ્રાપ્ત વિગતો મુજબ ગોવિંદરત્ન ગ્રીનસીટી પુનિતનગર ખાતે રહેતા અને ઓમસાઈ પ્રોવિઝન સ્ટોર નામે કરિયાણાની દુકાન ચલાવતા ગુણવંતભાઈ કરસનભાઈ ધામી (ઉંમર વર્ષ ૫૧) વાળા એ સુસાઈડ નોટ લખી કાઉન્ટરના ખાનામાં છોડી, મોબાઈલ ફોન સ્વીચ ઓફ કરી અને એકટીવા બાઈક ની ચાવી પણ છોડીને ભેદી રીતે ગુમ થઈ જતા તેમના ભાઈ જગદીશભાઈ ધામી દ્વારા માલવીયાનગર પોલીસ મથક ખાતે ગુમસુધા અંગેની નોંધ કરાવતા હેડ કોન્સ્ટેબલ કે બી શેખલીયા એ તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા પોલીસ ફરિયાદમાં જગદીશભાઈએ જણાવ્યું હતું કે ગુણવંતભાઈ દ્વારા લખવામાં આવેલ સુસાઈડ નોટમાં નોંધ કરી હતી કે તેઓ આર્થિક સંકળામણ ભોગવી રહ્યા છે, જેના કારણે તેઓ જઈ રહ્યા છે, તેમના પત્ની અને તેમના દીકરાનું ધ્યાન રાખશો તેવી વાત નો ઉલ્લેખ કર્યો છે. રાજકોટના ૫૧ વર્ષના આધેડે અચાનક જ સુસાઈડ નોટ લખી ભેદી રીતે ગુમ થઈ જતા પાછળથી તેમના પત્ની- પુત્ર અને ભાઈઓ સાથેનો પરિવાર શોક મગ્ન બન્યો હતો સગા વહાલા સહિત અનેક જગ્યાએ ગુણવંતભાઈને શોધવા દોડધામ કરી રહ્યા છે.

# ખીરસરા પાસે આઈસરે બાઈકને ટક્કર મારતા બાઈકચાલકનું ઘટના સ્થળે જ મોત



લોધિકાના ખીરસરા નજિક લોધિકા જવાના રસ્તે બાલસરના પાટિયા પાસે આઈસરની ઠોકરે બાઈક ચડી જતાં બાઈકચાલકનું ઘટના સ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું છે. મેટોડાથી બી.એમ. ગોસાઈના જણાવ્યા મુજબ ચિભડા ગામના દેવાભાઈ નથુભાઈ પરમારનું મૃત્યુ થયું છે. મેટોડા પોલીસ સ્ટેશનના યોગીરાજસિંહ જાડેજા સહીતે પહોંચી કાર્યવાહી હાથ ધરી હતી

# ઈશ્વરીયા ફાટક પાસે યુવાને ડિપ્રેશનમાં ટ્રેન હેઠળ ઝંપલાવી જીવન ટુંકાવ્યું

રાજકોટમાં ૧૫૦ ફટ રીંગ રોડ પર આવેલ રાધા રેસીડેન્સીમાં રહેતા યુવાને ડિપ્રેસનમાં ઘરેથી સ્કૂટર લઈ નિકળ્યા બાદ ઈશ્વરિયા ફાટેક પાસે ટ્રેન હેઠળ જંપલાવી જીવન ટુંકાવી લીધું હતું. યુવકના આપઘાતથી પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી છે. આ અંગે વિગત મુજબ રાજકોટમાં ૧૫૦ ફટ રીંગ રોડ ઉપર ગોકુલ મથુરા પાછળ આવેલ રાધા રેસીડેન્સીમાં રહેતા મિલનભાઈ યોગેશભાઈ તન્ના નામનો ૨૭ વર્ષનો યુવાન ઈશ્વરિયા ફાટક પાસે હતો ત્યારે ટ્રેન હેઠળ જંપ લાવી આપઘાત કરી લીધો હતો. આ ઘટના અંગે જાણ થતાં ગાંધીગ્રામ પોલીસ મથકનો સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો પોલીસે જરૂરી કાર્યવાહી કરી યુવકના મૃતદેહને પોસ્ટમોટર્મ અર્થે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડયો હતો. પ્રાથમિક પુછપરછમાં મૃતક યુવાન બે ભાઈમાં નાનો અને અપરણીત હતો. મિલનભાઈ તન્ના ડિપ્રેશનમાં રહેતો હતો અને ગઈકાલે ઘરેથી સ્કૂટર લઈને નિકળ્યા બાદ ઈશ્વરિયા ફાટક પાસે પહોંચી ડિપ્રેશનમાં જ ટ્રેન હેઠળ જંપ લાવી જીવન ટુંકાવી લીધું હોવાનું જાણવા મળ્યું છે.

# શાપર-વેરાવળ ચેકડેમ પાસે કારખાને જતા બાઈક સવાર બે યુવકોને આઈસરે ઠોકરે લીધા : એકનું મોત

## શાપર પોલીસે આઈસર ચાલક સામે ગુનો નોંધી શોધખોળ હાથ ધરી

શાપર-વેરાવળમાં શાકભાજી-કરિયાણું લઈ પરત કારખાને જઈ રહેલા બાઈક સવાર બે યુવકોને ચેકડેમ રોડ પર GJ 03 BZ 6449 નંબરના આઈસર ચાલકે ઠોકરે લેતા બન્ને ઘવાયા હતા. બનાવને પગલે લોકોના ટોળા એકઠા થયા હતા અને અકસ્માતમાં એક યુવકને ગંભીર ઈજા પહોંચતા તાકિદે શાપર સિવિલ હોસ્પિ.માં ખસેડતા ફરજ પરના તબીબે મૃત જાહેર કરતા પોલીસે આઈસર ચાલક સામે ગુનો નોંધી શોધખોળ હાથ ધરી છે. મૂળ યુપીના હાલ વેરાવળમાં આવેલ હનુંમન એન્ટરપ્રાઈઝના કારખાનામાં રહેતા અને મજુરી કામ કરતા ગોપાલ શ્રીમન નારાયણે શાપર પોલીસમાં GJ 03 BZ 6449નંબરના આઈસર ચાલક સામે ફરિયાદ નોંધાવી છે. જેમાં ગઈકાલે તે તેના મિત્ર અરવિંદ સાથે શેઠનું બાઈક લઈ શાકભાજી અને કરીયાણું લેવા ગયા હતા. બાદ પરત કારખાને જઈ રહેલા હતા.ત્યારે ચેકડેમ રોડ પર પહોંચતા ઉપરોકત આઈસર ચાલકે ઠોકરે લેતા અરવિંદને ગંભીર ઈજા પહોંચી હતી. બનાવઅંગે લોકોના ટોળા એકઠા થયા હતા. અને અરવિંદને ૧૦૮ મારફત શાપર સિવિલ હોસ્પિ.માં ખસેડતા ફરજ પરના તબીબે તપાસી મૃત જાહેર કર્યો.આમ ઉપરોકત આઈસરના ચાલકે પુરઝડપે હંકારી મોત નિપજાવી નાશી છુટયો હોવાની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આઈસર ચાલકની શોધખોળ હાથ ધરી છે.

# સૂતા હનુમાન મંદિર પાસેના ઠંડીથી ઠુઠવાઈ જતા વૃધ્ધનું મોત

## નવાગામમાં પૈસાની ઉઘરાણીના પ્રશ્નને યુવક પર બે મિત્રનો ધોકા વડે હુમલો

કોઠારિયા રોડ પર ઓટલા પર સૂતેલા વૃદ્ધ બેભાન હાલતમાં મળી આવ્યા હતા જેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા હતા જેનું સારવાર મળે તે પહેલાં જ મોત નીપજ્યું હતું. બનાવને પગલે ભક્તિનગર પોલીસે તપાસ કરતાં વૃદ્ધનું મોત ઠંડીમાં ઠૂંઠવાઈ ગયાનું બહાર આવ્યું હતું. કોઠારિયા રોડ પર સૂતા હનુમાન મંદિર પાસેથી અજાણ્યા વૃદ્ધ (ઉ.આ.૬૦) મળી આવતા તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા હતા. જેનું સારવાર મળે તે પહેલાં જ મોત નીપજ્યું હતું. પોલીસની પ્રાથમિક તપાસમાં કેટલાક સમયથી મંદિર પાસે રખડતા ભટકતા હોય અને ભિક્ષુક જીવન જીવતા હોવાનું તેમજ વૃદ્ધનું ઠંડીના કારણે મોત નીપજ્યું હોવાનું બહાર આવતા પોલીસે વૃદ્ધની ઓળખ મેળવવા તેના પરિવારની શોધખોળ કરી છે. બીજા બનાવમાં નવાગામ રહેતો પ્રકાશભાઈ રાજેશભાઈ ભાખોડિયા તેના ગામમાં કિસ્મત રોડવેઝ નામે ટ્રાન્સપોર્ટની ઓફિસે હતો ત્યારે તેના મિત્ર કૌશિક અને વિશાલએ ઝઘડો કરી ધોકા વડે હુમલો કર્યો હતો. કુવાડવા પોલીસે તપાસ કરતાં પ્રકાશ સવારે ફિનાઈલના કારખાનામાં કામ કરતો હોય અને સાથે ટ્રાન્સપોર્ટની ઓફિસમાં ગાડી ભરવાની મજૂરીકામ પણ કરતો હોય બપોરે ગાડી ભરવા ગયો હતો ત્યારે તેની સાથે કારખાનામાં કામ કરતા વિશાલ અને કૌશિક ત્યાં આવ્યા હતા તે દરમિયાન પૈસાની ઉઘરાણી કરતાં બંને શખ્સે હુમલો કર્યાનું પોલીસને જણાવ્યું હતું.

# અકસ્માત કેસમાં મૃતકના વારસદારોનું ૫૯ લાખનું વળતર મંજૂર કરતી કોર્ટ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

મોરબીનાં સીરામીકમાં નોકરી કરતા પશ્ચિમ બંગાળનાં યુવાનનાં વાહન અકસ્માત મૃત્યુનાં કેસમાં માત્ર ૧૧ માસમાં કોર્ટ દ્વારા રૂ.૫૯ લાખનું જંગી વળતર મંજુર કરવામા આવ્યુ છે. આ અંગેની વિગત એવી છે કે મુળ પશ્ચિમ બંગાળનાં મેદીનીપુર જિલ્લાનાં સાતરા ગામનાં યુવાન સુબ્રતા દાસ હાલ મોરબી ખાતે લાફાન્સ ગ્રેનીટો પ્રાઈવેટ લી.માં ઈન્ચાર્જ તરીકે નોકરી કરતા હતા તેઓ પોતાનું બાઈક લઈ જતો હતો મોરબી - માળીયા નેશનલ હાઈવે ઉપર પાછળથી ટ્રેઈલરના ચાલકે પોતાનો ટ્રક બેદરકારીપુવર્ક, ગફલતભરી રીતે, માનવ જીંદગી જોખમાય એ રીતે ચલાવી આવીને પાછળથી યુવાનને બાઈક સહિત હડફેટે લેતા અકસ્માત સર્જાયો હતો આ અકસ્માતનાં કારણે મૃતકના પરિવારનાં એકમાત્ર કમાવાવાળી વ્યકિતનું કરૂણ મોત નીપજેલુ હતુ. મૃતકના વારસદારોએ સુબ્રતા દાસ સુભાષ ચદ્ર દાસનાં મૃત્યુ બદલ વળતર મેળવવા માટે રાજકોટ કોર્ટમાં અકસ્માત વળતરનાં નીષ્ણાંત એડવોકેટ રવીન્દ્ર ડી. ગોહેલ મારફત ટ્રેઈલર નં. જીજે-૩૭-ટી-૪૦૭૧ની વીમા કંપની સામે કલેઈમ કેસ દાખલ કરેલ. અકસ્માત પહેલા મૃતક સુબ્રતા દાસ સુભાષ ચંદ્રદાસ કે જેઓ રંગપર ગામ, મોરબી ખાતે આવેલ લાફાન્સ ગ્રેનીટો પ્રા. લી.માં લેબ ઈન્ચાર્જ (છ ઉ) તરીકે નોકરી કરતા હતા અને માસીક રૂ. ૩૫,૦૦૦/- પગારની આવક કમાતા હતા અને તેમનાં કુટુંબનાં આધારરૂપ મેઈન વ્યકિત હતા. આ સબંધમાં મૃતકના એડવોકેટ દ્વારા આવક તથા આવક ઉપર પ્રોસ્પેકટીવ આવકની ગણતરી કરી મૃતકનાં વારસદારોને હાલની મોંઘવારી મુજબ મહત્તમ વળતરની ગણતરી કરી સુબ્રતાદાસનાં કેસમાં રૂ.૫૯,૦૦,૦૦૦/-નું જંગી વળતર માત્ર અગીયાર માસનાં ટુંકા ગાળામાં મંજુર કરવામાં આવેલ છે આ કામમાં અરજદારો વતી રાજકોટના એડવોકેટ રવીન્દ્રડી. ગોહેલ, સંદિપ એમ. રાઠોડ, વિવેક વી. ભાંસળીયા (ગઢવી) એડવોકેટ તરીકે રોકાયેલા હતા તથા આસીસટન્ટ તરીકે જતીન પી. ગોહેલ, દિનેશ ડી. ગોહેલ તથા જયેશભાઈ મકવાણા રોકાયેલા હતા.

# શેરબજારના નામે ઠગાઈ કરતાં શખ્સને ઉઠાવી લેતી રાજકોટ પોલીસ

## રાજકોટની મહિલાના રૂપિયા ૧૦.૫૦ લાખ વલસાડના શખ્સના ખાતામાં જમા થયા હતાઃ ઉદવાડાના શખ્સને ફર્નિચર સહિતની દુકાન પણ આપવામાં આવી હતી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરના ૧૫૦ ફૂટ રિંગ રોડ પરના રૂક્ષ્મણી હાઈટ્સમાં રહેતા નિશાબેન યશવંતભાઈ પેઢડિયા (ઉ.વ.૩૯) ને સ્ટોક માર્કેટમાં રોકાણથી મોટું વળતર મળવાની લાલચ આપી સાયબર ગઠિયાઓએ રૂ.૧૭.૪૪ લાખની છેતરપિંડી આચરી હતી. આ મામલામાં રાજકોટ પોલીસે વલસાડના ઉદવાડાની સન રેસિડેન્સીમાં રહેતા હરિશ વેલજી ભાનુશાળી (ઉ.વ.૫૩)ને ઝડપી લઈ તેને એક દિવસના રિમાન્ડ પર લીધો હતો.

રાજકોટ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનના ઈન્સ્પેકટર આર.જી.પઢિયારે જણાવ્યું હતું કે, મહિલા સાથે થયેલી લાખોની છેતરપિંડીનો મામલો પોલીસ દફતરે નોંધાતા વિવિધ દિશામાં તપાસ શરૂ કરવામાં આવી હતી. ભોગ બનનાર નિશાબેનના ખાતામાંથી જે રકમ ટ્રાન્સફર થઈ હતી તે અલગ અલગ બેંક એકાઉન્ટમાં જમા થઈ હતી જેમાં એસબીઆઈનું એક એકાઉન્ટ ઉદવાડાના હરિશ વેલજી ભાનુશાળીનું હતું તે એકાઉન્ટની તપાસમાં નિશાબેને ગુમાવેલા રૂ.૧૭.૪૪ લાખમાંથી રૂ.૧૦.૫૦ લાખ હરિશ ભાનુશાળીના ખાતામાં જમા થયો હતો. આ માહિતી સ્પષ્ટ થતાં જ હરિશની ધરપકડ કરવામાં આવી હતી. હરિશે કબૂલાત આપી હતી કે, મુંબઈના એક શખ્સનો પરિચય થયા બાદ તે મુંબઈ ગયો હતો અને ત્યાંથી તેને આવા કામ માટે ફર્નિચર સહિતની એક દુકાન ભાડે આપવામાં આવી હતી. તે દુકાનમાં બેસી પોતે લોકોના બેંક એકાઉન્ટ ભાડે મેળવવા, ખરીદવા સહિતની કામગીરી કરતો હતો. ગઠિયાઓએ માસિક પગાર ચૂકવવાની પણ લાલચ આપી હતી. પોલીસે મુંબઈના શખ્સની શોધખોળ શરૂ કરી હતી.

